વચનામૃતમાં અંતર્દૃષ્ટિ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી
આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી
આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો
વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ
આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય,
વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી
માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ
તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી
સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા,
યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.),
ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા)
વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને
માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું
નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય
મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ,
વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં અંતર્દૃષ્ટિ

લેખક
સાધુ જ્ઞાનતૃપ્તદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA ANTARDRUSTI (Gujarati Edition)

By Sadhu Jnantruptdas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-941-5

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૨૦-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો.

એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય જ્ઞાનતૃપ્તદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,
વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

શબ્દ સંક્ષેપ સૂચિ

વચ.	-	વચનામૃત
ગ.પ્ર.	-	ગઢડા પ્રથમ પ્રકરણ
સા.	-	સારંગપુર પ્રકરણ
કા.	-	કારિયાણી પ્રકરણ
લો.	-	લોયા પ્રકરણ
પં.	-	પંચાળા પ્રકરણ
ગ.મ.	-	ગઢડા મધ્ય પ્રકરણ
વર.	-	વરતાલ પ્રકરણ
અમ.	-	અમદાવાદ પ્રકરણ
ગ.અં.	-	ગઢડા અંત્ય પ્રકરણ
સ્વા.વા.	-	અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો

એક ડગલું અંતર્દૃષ્ટિ તરફ

શ્રીમદ્‌ભાગવતમાં વામન ભગવાનના મુખે એક આખ્યાનનું વર્ણન થયું છે:[1]

જ્યારે વરાહ ભગવાને હિરણ્યાક્ષનો સંહાર કર્યો ત્યારે હિરણ્યકશિપુ ક્રોધે ભરાયો. તેને થયું કે વિષ્ણુએ માયાવી શક્તિથી મારા ભાઈનો વધ કર્યો છે. આથી ભગવાન સાથે યુદ્ધ કરવાના આશયથી તે વૈકુંઠ સુધી પહોંચી ગયો. જો કે ભગવાન તો અતિ સમર્થ છે, દૃષ્ટિમાત્રે અસુરનો સંહાર કરી શકે છે. છતાં એક વિશિષ્ટ ઉપદેશ આપવા માટે તેમણે વિચાર્યું કે આ અસુર જે સ્થાનમાં ક્યારેય પ્રવેશી શકે નહીં એવી જગ્યાએ હું પહોંચી જાઉં. આવા સંકલ્પ સાથે ભગવાન હિરણ્યકશિપુના અંતરમાં પ્રવેશી ગયા. આ અસુરે ક્યારેય પણ પોતાના અંતર સામી દૃષ્ટિ ન કરી અને ક્યારેય ભગવાનને ન પામી શક્યો.

અસુર ક્યારેય અંતર્દૃષ્ટિ કરી શકતો નથી, તે હંમેશાં બાહ્યદૃષ્ટિમાં જ વર્તતો હોય છે. ગુણાતીતાનંદ સ્વામીએ તેઓની વાતોમાં કહ્યું છે: 'બાહ્યદૃષ્ટિ દૈત્યની કહી છે.' (સ્વા.વા.: ૨/૧૬૭)

આપણાં શાસ્ત્રોએ અંતર્દૃષ્ટિનો શંખનાદ કર્યો હોવા છતાં, અનાદિ કાળથી માયાનો એવો જબ્બર પ્રભાવ છે કે જેનાથી આપણે બાહ્ય વિષયોમાં લોભાઈ જઈએ છીએ. આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણ કેવળ બાહ્ય વસ્તુઓ જોવા-જાણવા ટેવાયેલાં છે. કઠોપનિષદ કહે છે: 'पराञ्चि खानि व्यतृणत्

---

૧. ભાગવત: ૮/૧૯/૭-૧૨.

स्वयम्भूस्तस्मात् पराङ पश्यति नान्तरात्मन्।'[२] અર્થાત્ ભગવાને બહિર્મુખી ઇન્દ્રિયો બનાવી છે. તેથી કેવળ બહારના વિષયોને તે જુએ છે, પરંતુ અંતરાત્મા તરફ દૃષ્ટિ માંડી શકતી નથી.

બાહ્યદૃષ્ટિ એ આપણી વાસ્તવિકતા છે, પરંતુ શું આ સાચી દિશા છે? 'અત્યાર સુધી આ માર્ગે ચાલવાથી શું મને કૃતાર્થપણાનો અનુભવ થયો?' 'અનંત જન્મોથી અનંત અનંત વિષયો ભોગવ્યા, છતાં કેમ અપૂર્ણતા જ રહ્યા કરે છે?' 'કેવી કેવી માહિતી મેળવવા માટે મેં દોડાદોડ કરી મૂકી? અને શું જાણવાનું બાકી રહી જાય છે?' મહંત સ્વામી મહારાજ ઘણી વાર સમજાવે છે કે પોતાની જાતને કડક થઈને તપાસવી પડશે. જો બાહ્યદૃષ્ટિમાં જ અટવાયેલા રહીશું તો હજુ અનંત જન્મો વીતી જશે છતાં જન્મ-મરણના ચકરાવાનો અંત નહીં આવે. અનંત અને અખંડ શાંતિનો અનુભવ ક્યારેય નહીં થાય.

માત્ર બહાર જોવા ટેવાયેલી, બાહ્ય પદાર્થોમાં જ રમમાણ રહેનારી માનવીય વૃત્તિને, હચમચાવી નાખે તેવાં વચનો શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે:

■ "આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે અને કુરૂપને જુએ છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુએ છે, એવા અનંત પદાર્થને જુએ છે, પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમ જ શ્રોત્ર, ત્વક, રસના, ઘ્રાણ ઇત્યાદિક સર્વ ઇન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે." (વચ. ગ.પ્ર. ૨૦)

મડદાંને પણ બેઠાં કરી દે તેવાં આ વચનો સાંભળીને પણ હજુ જોઈએ તેવી અસર થતી નથી, કારણ કે એવું સ્વીકારી લીધું છે કે આ તો બધાને લાગુ પડે છે. પરંતુ જ્યારે આ વચનો પોતા ઉપર લેવામાં આવે ત્યારે પરિવર્તનનો

---

૨. કઠોપનિષદ: ૪/૧.

આરંભ થાય.

આવો વિચાર આવ્યો – સર્વનિવાસાનંદ સ્વામીને. જ્યારે સદ્. ગોપાળાનંદ સ્વામીએ અમદાવાદ મંદિરના સભામંડપમાં, ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦મા વચનામૃતનું નિરૂપણ કર્યું ત્યારે સર્વનિવાસાનંદ સ્વામીએ આ વચનો પોતા ઉપર લીધાં. તેઓને થયું: 'શ્રીજીમહારાજના વચન પ્રમાણે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની તો હું જ છું. શ્રીજીમહારાજે કહેલી આ ચારેય ઉપમાઓ તો મને જ લાગુ પડે છે !'

જ્યારે તેઓને અંતર્દષ્ટિ થઈ ત્યારે પોતાની ખોટ દેખાઈ અને આ ખોટ ટાળવાનો વિચાર આવ્યો. આ માટે તેઓએ ઘણાં-બધાં પ્રલોભનોને ઠોકર મારીને પણ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ પ્રાપ્ત કરી.

પોતાનો આનંદ પોતાની પાસે જ

વાત કરવી છે કસ્તુરી મૃગની. જ્યારથી એ સમજણું થયું ત્યારથી ખૂબ આકર્ષક સુગંધ તેની નાસિકાની ચોમેર ફેલાયેલી રહેતી. આ સુગંધનું મૂળ શોધવા તેણે ઘણા ઉધામા કર્યા. છેવટે અચાનક તેની નાસિકા નાભિની નજીક પહોંચી ગઈ ત્યારે પોતાની નાભિમાં રહેલી કસ્તુરીનો તેને પરિચય થયો. વર્ષો બાદ તેને સમજાયું કે આ રમણીય સુવાસનું કારણ બીજું કોઈ નહીં પરંતુ હું જ છું.

યોગીજી મહારાજ એક બોધકથા કહેતા:

કોઈ એક ગામમાં એક ભરવાડણ બાઈ રહેતી હતી. એક વાર તેને સમાચાર મળ્યા કે તેનો ભાઈ તેને ઘેર આવી રહ્યો છે. 'ઘણા સમય પછી ભાઈ મારે ઘેર આવે છે તો તેને સારામાં સારી રસોઈ કરીને જમાડું' – એવા વિચારથી તે સારી વસ્તુ લેવા માટે બજારમાં ગઈ. એક દુકાનનાં પગથિયાં ચઢીને તેણે કહ્યું: 'મને સારામાં સારો ગોળ આપો.'

'કેવો, ખાંડ જેવો સારો ગોળ આપું ?' દુકાનદારે તેને વિકલ્પ આપ્યો.

'શું ગોળ કરતાં ખાંડ સારી કહેવાય ?!' બાઈએ આશ્ચર્યથી પૂછ્યું.

'હાસ્તો વળી !'

'તો તો પછી સારી ખાંડ જ આપો ને !' બાઈએ નિર્ણય બદલ્યો.

'સારી એટલે સાકર જેવી સારી ?'

બાઈને પુનઃ આશ્ચર્ય થયું : 'ખાંડ કરતાં સાકર વધુ સારી ગણાય ?'

'એ તો સારી જ ને !'

'તો તો મને સાકર જ આપો. મારા ભાઈને સારામાં સારી વાનગી જમાડવી છે.' બાઈએ હરખભેર કહ્યું.

'સાકર કેવી, પારઠ ભેંસના દૂધ જેવી આપું ?' દુકાનદારે ઉત્તમ કોટિની વસ્તુનો બાઈને પરિચય કરાવ્યો.

'શું ખરેખર પારઠ ભેંસનું દૂધ સૌથી સારું ગણાય ? એવી ભેંસ તો મારા ઘરમાં જ છે.' આ વિચારમાત્રથી બાઈના હરખનો પાર ન રહ્યો. તે દુકાનનાં પગથિયાં ઊતરીને પોતાને ઘેર પહોંચી ગઈ.

આવી પરિસ્થિતિ માત્ર મૃગની કે ભરવાડણ બાઈની જ નથી પરંતુ આપણી પણ છે. પોતાની પાસે જ આનંદનો ખજાનો હોવા છતાં ભૌતિક પદાર્થોમાં ફાફાં મારવાં, એ તો કાખમાં છોકરું ને ગામમાં શોધ ચલાવવા જેવું મૂર્ખાઈભર્યું કાર્ય ગણાય. હકીકત તો એ જ છે કે પોતાનો આનંદ અન્યત્ર નહીં પરંતુ પોતા પાસે જ છે. આમ, પોતાની પાસે જ રહેલા આનંદના ખજાનાને ઓળખવા માટેનું ઉત્તમ સાધન એટલે અતર્દૃષ્ટિ.

વચનામૃતમાં અંતર્દૃષ્ટિના પર્યાય

વચનામૃત, સ્વામીની વાતો વગેરે સાંપ્રદાયિક શાસ્ત્રોમાં અંતર્દૃષ્ટિ માટે વિવિધ પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ થયો છે; જેમ કે, જાણપણું, જાણપણારૂપ દરવાજો, ખટકો, પ્રતિલોમ વગેરે. વળી, જુદા જુદા સંદર્ભોમાં આ સદ્‌ગુણ વિશિષ્ટ રીતે પ્રગટ થતો નજરે ચઢે છે. જેમ કે ક્યાંક પોતાની ભૂલ જોવા બાબતે તો ક્યાંક કામાદિક દોષો હૃદયમાં ન પ્રવેશે તેની સાવધાની રાખવા બાબતે, ક્યાંક પોતાને જ ઉપદેશ આપવા બાબતે તો ક્યાંક પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવા બાબતે. આમ, અંતર્દૃષ્ટિની જુદી જુદી વિભાવનાઓ સાથે વચનામૃતમાં આ પ્રકારની સાધના સમગ્રપણે સંગ્રહાયેલી છે.

અંતર્દૃષ્ટિની મહત્તા

આ અંતર્દૃષ્ટિએ અનેકનાં જીવન સુધાર્યાં છે, અંતરની મલિનતાને દૂર

કરી છે, હૃદય શુદ્ધ બનાવ્યાં છે. આ સત્યને સમજવા માટે આપણે સ્વામિનારાયણ સંપ્રદાયના બે પરમહંસોના જીવનમાં ડોકિયું કરીએ. ભગવાન સ્વામિનારાયણના આશ્રિત આ નંદ સંતોમાંના એક હતા પરમચૈતન્યાનંદ સ્વામી અને બીજા હતા પવિત્રાનંદ સ્વામી.

રામાનંદ સ્વામીના દીક્ષિત અને સ્વામિનારાયણ ભગવાન કરતાં ઉંમરે મોટા એવા પરમચૈતન્યાનંદ સ્વામી શ્રીજીમહારાજને સમર્પિત અને નિયમ-ધર્મમાં દૃઢ સંત હતા. શ્રીજીમહારાજે તેમને સદ્‌ગુરુ તરીકેની ગાદી આપીને વરિષ્ઠ પરમહંસોની કક્ષામાં મૂકેલા. તેઓ સત્સંગમાં આવું સંમાનનીય પદ તો પામ્યા, પરંતુ તેઓના અંતરમાંથી જગતનું પ્રધાનપણું ટળ્યું ન હોવાથી ક્યારેક માન આદિક સ્વભાવો પ્રગટ થઈ આવતા.

આવા જ એક પ્રસંગે ભગવાનની ઇચ્છાથી તેઓનું માનભંગ થયું. તેઓને ખૂબ લાગી આવ્યું. તેઓ શ્રીજીમહારાજને છોડીને જવા તૈયાર થયા. પોતાના મંડળધારી વરિષ્ઠ સંતને આ પ્રમાણે જતા જોઈને પરમચૈતન્યાનંદ સ્વામીના મંડળના સંતોએ પણ તેઓની સાથે જ નીકળી જવાનું નક્કી કર્યું.

પરમચૈતન્યાનંદ સ્વામી આ દૃશ્ય જોઈને સમજી ગયા. તેઓ એક અંતર્દષ્ટિવાળા સંત હતા. તેઓ પોતાની ભૂલ જાણતા હતા. તેઓએ પોતાની સાથે નીકળવા તૈયાર થયેલા સાધુઓને સ્પષ્ટપણે સમજાવ્યું: ‘હું તો મારા માનને કારણે જાઉં છું, પરંતુ કલ્યાણ તો મહારાજ પાસે જ છે.’

શ્રીજીમહારાજે જ્યારે આ જાણ્યું ત્યારે બોલ્યા: [illegible] ગયા તે સન્મુખ છે.’[3]

અંતર્દષ્ટિવાળા ભક્ત ભલે પોતાના સ્વભાવોને વશ થઈ જાય પરંતુ તે પોતાની ખામીને સ્પષ્ટપણે ઓળખી શકે છે. તેથી તે કલ્યાણના માર્ગમાંથી પડી જતા નથી.

અન્ય એક પ્રસંગે વસોમાં એક દરજી ભક્તે શ્રીજીમહારાજની આજ્ઞાથી પોતાના દરજી કામમાં વધેલા કાપડના ટુકડામાંથી સંતો માટે કૌપીનો બનાવી. તેઓએ શ્રીજીમહારાજ સમક્ષ આ કૌપીનોનો ઢગલો કર્યો. શ્રીજીમહારાજે પરમહંસોને બોલાવીને પોતપોતાની જરૂરિયાત પ્રમાણે ઢગલામાંથી કૌપીન

૩. એટલે કે પરમચૈતન્યાનંદ સ્વામી અમને છોડીને નીકળ્યા હોવા છતાં સત્સંગમાં જ છે એમ સમજવું. જો કે થોડા જ સમયમાં તેઓ શ્રીહરિ પાસે આવી ગયા હતા.

લેવા જણાવ્યું. પરમચૈતન્યાનંદ સ્વામીએ ઢગલામાંથી શોધીને સુંવાળી કૌપીન ઉપાડી. અચાનક તેઓની નજર ગુણાતીતાનંદ સ્વામી તરફ ગઈ. તેઓએ જોયું કે સ્વામીના હાથમાં જાડી અને બરછટ કૌપીન હતી. પરમચૈતન્યાનંદ સ્વામીને અંતર્દૃષ્ટિ થઈ. તેઓ બોલ્યા: 'સ્વામી! મને પણ એવો ત્યાગ ગમે છે ને જાડી કૌપીન લેવાનો મનસૂબો છે, પણ હું તો રાગી (રજોગુણી) થઈ ગયો છું.'

પોતામાં ખામી હોવા છતાં અંતર્દૃષ્ટિવાળા ભક્ત સાચા માર્ગના જાણકાર હોય છે, તેથી જ તે સાચા માર્ગે ચાલનાર અન્ય ભક્તોનો પણ મહિમા સમજી શકે છે.

એક વાર ગઢડામાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવાતો હતો. સૌ સંતો-ભક્તો ભગવાનને જળ ઝિલાવવા માટે ઘેલા નદીને કાંઠે ગયા. ઉત્સવના માહોલમાં સૌ પરમચૈતન્યાનંદ સ્વામીને બોલાવવાનું ભૂલી ગયા. પરમ-ચૈતન્યાનંદ સ્વામી પોતાના ઉતારામાં રહ્યાં રહ્યાં 'આમંત્રણ'ની પ્રતીક્ષા કરતા હતા. ઘણા સમય સુધી કોઈ બોલાવવા આવ્યું નહીં તેથી તેઓ ઓરડાની બહાર આવ્યા. મંદિર પરિસર તરફ નજર કરીને તેઓ પરિસ્થિતિ પામી ગયા. તેઓના મુખમાંથી શબ્દો સરી પડ્યા: 'કોઈ બોલાવવા પણ ન આવ્યું!'

આ સમયે ત્યાં ઉપસ્થિત રહેલા બાલમુકુંદાનંદ સ્વામી આ શબ્દો સાંભળી ગયા. તેઓએ વિનમ્ર સ્વરમાં સાચી વાત સમજાવતાં કહ્યું: 'સ્વામી! આપણે માન માટે ક્યાં સાધુ થયા છીએ?'

પરમચૈતન્યાનંદ સ્વામીએ તે સાધુના આ શબ્દો સાંભળ્યા. તેઓને અંતર્દૃષ્ટિ થઈ અને પોતાની ભૂલ સમજાઈ.

જો આવાં વાક્યો સાંભળીને પણ તેઓએ અંતર્દૃષ્ટિ ન કરી હોત તો પોતાથી ઉંમરમાં ખૂબ નાના આ સાધુના મુખે પોતા પ્રત્યેનાં આવાં ઉપદેશ-ભર્યાં વચનો સાંભળીને તેઓ ઊકળી ઊઠ્યા હોત! પોતાને સાચા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો હોત! 'હજી તો તું નાનો છે, મારા જેવો થઈશ ત્યાર-પછી મારી પરિસ્થિતિ સમજાશે;' જેવાં ભાવો અને વાક્યો પ્રગટ કરી બેઠા હોત! પરંતુ અંતર્દૃષ્ટિ એક એવું અજવાળું છે કે જેમાં બીજાના નહીં, પરંતુ પોતાના જ દોષ દેખાય છે.

તેઓએ તરત જ કહ્યું: 'આ જ્ઞાન તું ક્યાંથી લાવ્યો?'

'મારા ગુરુ ગોપાળાનંદ સ્વામી પાસેથી.'

'એમને મારે ઓરડે કથા કરવા બોલાવજે.'

પરમચૈતન્યાનંદ સ્વામીની આ ઇચ્છા જાણી તેઓના ઓરડે બાલમુકુંદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને બોલાવ્યા. પરમચૈતન્યાનંદ સ્વામી ગોપાળાનંદ સ્વામી કરતાં ઉંમરમાં ઘણા મોટા હતા. તેથી પ્રથમ દિવસે જ્યારે ગોપાળાનંદ સ્વામી વાતો કરવા તેઓના ઓરડે પધાર્યા ત્યારે પોતે ઊંચા આસન ઉપર બેઠેલા તેમજ ગોપાળાનંદ સ્વામી માટે નીચે આસન પાથર્યું હતું. પહેલે જ દિવસે આ યોગીપ્રવરની વાતોની એવી ધારી અસર થઈ કે પરમચૈતન્યાનંદ સ્વામીનું હૈયું ભીંજાઈ ગયું.

બીજા દિવસે બંનેનું આસન સમાન રાખવામાં આવ્યું. આજે પણ વાતોએ જબ્બર કામણ કર્યાં.

ત્રીજા દિવસે તો પરમચૈતન્યાનંદ સ્વામી નીચે બેસી ગયા અને ગોપાળાનંદ સ્વામીને ઉપર બેસાડ્યા. આ દિવસના અંતે પરમચૈતન્યાનંદ સ્વામી અત્યંત ભાવવિભોર બની ગયા. તેઓ બોલી ઊઠ્યા: 'હું બાર વરસ ગુરુ રહ્યો ને બાર વરસ સદ્ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજ થયો.' વળી તેઓ ઘણી વાર જૂનાગઢમાં ભગવાનની મૂર્તિ આગળ એક પગે ઊભા રહીને સ્તુતિ કરતા જે, 'તમારા સાધુ ઓળખાતા નથી તે ઓળખાવજો.'

પરમચૈતન્યાનંદ સ્વામીના પરિવર્તનનો આરંભ અંતર્દષ્ટિથી થયો. અંતર્દષ્ટિને કારણે પોતાની ભૂલ સમજાઈ. 'સુધારો બીજામાં નહીં, પરંતુ મારામાં કરવાનો છે' – આ વાતની સત્યતા હૃદયમાં ઠરી, પશ્ચાત્તાપથી અંતર પખાળીને મોટા સંતના સત્સંગનો લાભ લૂંટી શક્યા, હૃદયમાં શાંતિનો અનુભવ થયો, ભગવાન અને સંતનો મહિમા સમજવાનાં દ્વાર ખૂલી ગયાં.

અંતર્દષ્ટિના કારણે આવી જ અનુભૂતિ થઈ – પવિત્રાનંદ સ્વામીને. તેઓ શ્રીજીમહારાજના હસ્તે દીક્ષા પામેલા અને નિત્યાનંદ સ્વામીના મંડળના આગેવાન સંત હતા. વડતાલ સંસ્થામાં તેઓની સત્તાનું જોર ખૂબ હતું.

એક વાર તેઓએ અણસમજણથી પ્રાગજી ભક્તને વાંક વિના જ વિમુખ કરવાનું નક્કી કર્યું. ગુણાતીતાનંદ સ્વામીએ આ અઘટિત કાર્ય ન કરવા સૌને સમજાવ્યા, પરંતુ પવિત્રાનંદ સ્વામીએ સત્તાના જોરે પોતાનું ધાર્યું પાર પાડ્યું.

સં. ૧૯૩૫ની સાલમાં એક પ્રસંગ બની ગયો. ચૈત્રી સમૈયા પછી

આચાર્ય મહારાજ સાથે પવિત્રાનંદ સ્વામી આણંદ આવ્યા હતા. આણંદના સ્વામિનારાયણ મંદિરમાં સંધ્યા આરતી થયા પછી *'રામ કૃષ્ણ ગોવિંદ...'* ધૂન બોલાઈ. અત્રે રોજ સંધ્યા આરતી પછી ધૂનમાં શ્રીજીમહારાજના વખતથી જે 'નરનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન બોલવાની પ્રથા હતી, તે પ્રથા છોડીને ફક્ત 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એવી ધૂન ચાલુ કરી હતી. પવિત્રાનંદ સ્વામી જૂની પ્રથાના આગ્રહી હતા, એટલે તેમને આ રોજ ખટકતું અને બધા જ્યારે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' ધૂન કરે ત્યારે પોતે 'નરનારાયણ સ્વામિનારાયણ' એવી ધૂન એકલા કરે. આ પ્રમાણે મોટેથી તેઓ રોજ ધૂન કરે. આથી, કેટલાક સાધુઓને એમ થયું: 'આ ડોસો રોજ પોતાની જીદ છોડતો નથી, માટે એક વખત તો કહેવું પડશે.' એમ સૌએ નક્કી કર્યું.

એક દિવસ આરતી બાદ ધૂન શરૂ થઈ એટલે પવિત્રાનંદ સ્વામી મોટેથી બોલ્યા : 'મહારાજ છતાંની જે ધૂન ચાલે છે તે પ્રથા કેમ તોડો છો ?'

એ સાંભળી એક સાધુ બોલ્યા : 'ઊંટ મરે છે તે પહેલાં મારવાડ સામું જુએ છે, તેમ તમે પણ કરો છો. તે હજુ પણ અમદાવાદની વાસના મટતી નથી ?'

વૃદ્ધાવસ્થાના આરે આવેલા આ વડીલ સંત પહેલાં અમદાવાદ દેશમાં રહેતા. એટલે, 'આટલાં વર્ષો વીત્યાં છતાં અમદાવાદ દેશમાં પધરાવેલા નર-નારાયણ દેવનું નામ છૂટતું નથી ! એટલે કે અમદાવાદની વાસના મટતી નથી !!' આવો મર્મ ઉપરોક્ત વાક્યમાં સમાયેલો હતો.

હૃદય વીંધી નાખે તેવાં કટાક્ષવચનો પવિત્રાનંદ સ્વામીએ સાંભળ્યાં. આ સમયે આચાર્ય મહારાજ સહિત ઘણા સંતો હાજર હતા. પવિત્રાનંદ સ્વામીએ આ સૌ તરફ પણ એક નજર કરી, જાણે દ્રૌપદીએ પોતાની લાજ બચાવવા સૌ પાસે માગણી કરી ! પરંતુ કોઈએ પેલા નાના સાધુને ઠપકો ન આપ્યો, અરે, તેને કોઈએ વાર્યા પણ નહીં.

'મારો પક્ષ કોઈએ ન લીધો ! શું મારા અપમાનમાં સૌની સંમતિ હશે ?' આવા વિચારના વમળમાં પવિત્રાનંદ સ્વામીને તાવ આવી ચઢ્યો. તેઓને ક્યાંય ચેન પડ્યું નહીં. તેઓ આણંદ છોડીને તાત્કાલિક વડતાલ આવી ગયા. અહીં પણ તેઓની મૂંઝવણ ટળી નહીં.

અંતરની બળતરા શમાવવા તેઓએ પોતાના સેવકને કહ્યું કે 'જો કોઈ

કથાવાર્તા કરનાર હોય તો તેમને અહીં બોલાવ.' સેવકે જઈને જોયું તો પ્રાગજી ભક્ત સભામંડપમાં કથા કરતા હતા અને તેઓની સામે સંતો-ભક્તોની ઠઠ જામી હતી. સેવકે પાછા આવીને પવિત્રાનંદ સ્વામીને જણાવ્યું કે પ્રાગજી ભક્ત કથા કરે છે. પવિત્રાનંદ સ્વામીએ રાજી થઈને તેઓને બોલાવવા કહ્યું.

પ્રાગજી ભક્તને આ સંદેશો મળ્યો તેથી સભા પૂર્ણ થયા બાદ પવિત્રાનંદ સ્વામીના આસને પધાર્યા. પવિત્રાનંદ સ્વામીએ કહ્યું: 'પ્રાગજી ! સારાં સારાં વચનામૃતો કઢાવી વાતો કર, જેથી શાંતિ થાય.'

ભગતજી મહારાજ અંતર્યામીપણે તેઓનું દુઃખ સમજી ગયા હતા. આથી પંચાળાનું ત્રીજું વચનામૃત વંચાવીને વાતો કરવા માંડી.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજે 'બુદ્ધિવાળો' અને 'મૂર્ખ'ની વ્યાખ્યા સમજાવી છે. શ્રીજીમહારાજ કહે છે:

- "જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે અને બીજામાં જે ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહીં; અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે. અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે;' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાંખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને, માટે એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહીં. અને કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી; અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોખ્ખી જણાય, પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિ મૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહીં. અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે અને એને જ બુદ્ધિવાળો કહીએ. અને જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહીં ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ અને

પોતામાં અવગુણ પરઠે તેને બુદ્ધિવાળો કહીએ.''

આ વચનામૃતનાં વચનોના આધારે ભગતજી મહારાજે વાતો કરીને પવિત્રાનંદ સ્વામીને બાહ્યદૃષ્ટિમાંથી અંતર્દૃષ્ટિમાં લાવી દીધા, જાણે દિવ્યચક્ષુનાં દાન કર્યાં. અત્યાર સુધી તેઓના મનમાં વિચારો ઘોળાતા હતા: 'હું મોટો છું, સદ્ગુરુ છું, મારું વચન સૌએ સ્વીકારવું જ જોઈએ. મારી મર્યાદા જળવાવી જોઈએ. પેલો આજ-કાલનો આવેલો મને આમ કહી જાય. વળી, કોઈ તેને રોકે પણ નહીં! એનો ખરેખર વાંક કહેવાય. એને સજા થવી જ જોઈએ. કેમ કોઈ મને સમજતું નથી? સત્સંગમાં કેમ જૂના અને વડીલોની મર્યાદા લોપાતી જાય છે? આ બધું શું થવા બેઠું છે!' આવા સંકલ્પોના સુસવાટા પવિત્રાનંદ સ્વામીને ક્યાંય જંપવા દેતા ન હતા. ભલે કદાચ તાર્કિક દલીલોથી ઉપરોક્ત વાત સાબિત પણ કરી શકાય, ભલે કદાચ દુનિયાની કોર્ટમાં પવિત્રાનંદ સ્વામીને સાચા ઠરાવી શકાય, કદાચ તેનાથી આંશિક અને ભ્રામક સંતોષ પણ મળી જાય; પરંતુ પોતાના અંતરનું રૂપાંતર ન થાય, પોતાના સ્વભાવ ન ટળે તો પરમ શાંતિનો અનુભવ ન થાય, આધ્યાત્મિક પ્રગતિ ન થાય, ભગવાન અને સંતની પ્રસન્નતા ન થાય, જીવનો મોક્ષ ન થાય.

શ્રીહરિ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'માં કહે છે: 'પોતાના દોષ જાણ્યા વિના મોક્ષરૂપી ગુણ પ્રાપ્ત થતો નથી. મોક્ષરૂપ ગુણ ન આવે ત્યાં સુધી અન્ય ગુણ શોભતા નથી.' મહંત સ્વામી મહારાજ પણ ઘણી વાર સમજાવે છે કે ૯૯ ટકા સાધના આંતરિક છે. આથી કહી શકાય કે પાછી વૃત્તિ વાળવાથી જ સાચી સાધના શક્ય બને છે.

પવિત્રાનંદ સ્વામીને ભગતજી મહારાજની કૃપાથી અંતર્દૃષ્ટિ થઈ. તેઓ 'મૂર્ખ'માંથી 'બુદ્ધિશાળી'ની કક્ષાએ પહોંચી શક્યા; એટલે કે અત્યાર સુધી બીજાના દોષ અને પોતાના ગુણ જોવાની જ દૃષ્ટિ હતી તે હવે પલટાઈને પોતાના અવગુણ અને બીજાના ગુણ જોવાની દૃષ્ટિ થઈ ગઈ. હવે પવિત્રાનંદ સ્વામીને સમજાવા લાગ્યું કે વાંક ખરેખર મારો જ છે. શ્રીજીમહારાજના હાથે મેં દીક્ષા લીધી, આટઆટલાં વર્ષોથી મેં સત્સંગ કર્યો, કેટલાય લોકોને સત્સંગી કર્યા, ઘણી ઘણી વાર માન ટાળવા માટેની વાતો કરી, છતાં હજુ સુધી મારું માન ટળ્યું નથી!! ખરેખર મને ધિક્કાર છે. અરે! આ પ્રાગજી ભક્ત અને ગુણાતીતાનંદ સ્વામીનું જેવું અને જેટલું અપમાન થયું છે તેઓની

સરખામણીમાં તો મારું અપમાન કાંઈ ગણતરીમાં ન આવે, છતાં તેઓને એક ટોચો લાગ્યો નથી. આમ સમજી તેમણે ગુણાતીતાનંદ સ્વામીનો ખૂબ ગુણ ગ્રહણ કર્યો. અંતરમાં અનુતાપ-પરિતાપ થવા લાગ્યા. જેને વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭માં શ્રીહરિએ સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવ્યાનું મુખ્ય સાધન ગણાવ્યું છે.

પવિત્રાનંદ સ્વામીને જ્યારથી અંતર્દષ્ટિ થઈ, પોતાની ભૂલ સમજાઈ ત્યારથી પરિવર્તનની શરૂઆત થઈ અને તેઓના અંતરમાં શાંતિનો અનુભવ થવા લાગ્યો.

અંતર્દષ્ટિને 'પ્રતિલોમ' પણ કહે છે. ગુણાતીતાનંદ સ્વામી તેનો મહિમા સમજાવતાં કહે છે:

'પ્રતિલોમપણે હૃદયમાં સંકલ્પ સામું જોવું તથા પ્રતિલોમપણે ભગવાનનું ધ્યાન કરવું ને તેમાં જ સુખ છે પણ પ્રતિલોમ જેવો બીજો સુખનો ઉપાય નથી, માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો એ સિદ્ધાંત વાત છે. તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી.' (સ્વા.વા. : ૨/૧૨૨)

'અંતર્દષ્ટિ કરીને હૈયામાં જોવું ને તે વિના તો ગુણદોષ યથાર્થ ન સૂઝે. ને અંતર્દષ્ટિ કરવી એ નિર્ગુણપણું છે ને બાહ્યદષ્ટિમાં સગુણપણું છે. વળી, બાહ્યદષ્ટિ દૈત્યની કહી છે ને અંતર્દષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય ને જેમ ચકમક ખરે તે ખેરતાં દેવતા કળીમાં લાગી જાય છે, એમ કોઈક દિવસ પ્રકાશ થઈ જાય, એ સિદ્ધાંત છે.' (સ્વા.વા. : ૨/૧૬૭)

પ્રમુખસ્વામી મહારાજ કહે છે: ''આપણે જે ધ્યેયને લઈને સત્સંગમાં આવ્યા છીએ તે સિદ્ધ કરવા માટે અંતર્દષ્ટિ બહુ અગત્યની છે. અંતર્દષ્ટિ સિવાય એ થવું ઘણું કઠણ છે. આપણને જે કાંઈ આપણી અંદરની મુશ્કેલી છે, આપણા સ્વભાવો છે તે દૂર કરવા અંતર્દષ્ટિ જોઈએ, પાછી વૃત્તિ જોઈએ. મોટાપુરુષના શબ્દો ધાર્યા-વિચાર્યા હોય તો પાછી વૃત્તિ વળે. દરરોજ પાછી વૃત્તિ વાળવી જોઈએ કે 'આજે મારાથી આ ભૂલ થઈ છે એને મારે ટાળવી છે.''

મહંત સ્વામી મહારાજ પણ આ વિષે સમજાવે છે: 'પાકા થવા માટે અંતર્દષ્ટિ કરવી પડે. આપણે આપણા અંતરનું તંત્ર તપાસીએ તો ખ્યાલ આવે કે બ્રહ્મરૂપ થવામાં કેટલું બાકી છે. અંતરનો કેમેરો શોધાયો નથી, નહીંતર એ તંત્ર

આટલું ગાફલ ન રહે. જેટલા અંતરમાં ઊંડા ઊતરો તેમ વધારે કુસ્તી કરવાની આવશે. જેમ જેમ અંતર્દૃષ્ટિ કરીએ તેમ તેમ દોષ-દર્શન થવા લાગે છે.'

ટૂંકમાં, અંતર્દૃષ્ટિ ખૂબ જ અગત્યની સાધના છે. અનંત-અનંત જન્મોથી બાહ્યદૃષ્ટિમાં જ વર્ત્યા છીએ. તેમાં કાંઈ હાથમાં આવ્યું નથી. હવે અંતરમાં પ્રવેશ કરીને ભવ્યાતિભવ્ય આધ્યાત્મિક ખજાનાને લૂંટી લેવો છે – આવા વિચાર સાથે વચનામૃત કથિત અંતર્દૃષ્ટિની સાધના પ્રતિ એક ડગલું માંડીએ.

અંતર્દૃષ્ટિ એટલે અક્ષરપુરુષોત્તમ દર્શન

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં 'અંતર્દૃષ્ટિ' શબ્દનો ઉલ્લેખ કરીને એક વિશિષ્ટ રહસ્ય સમજાવ્યું છે. તેઓ કહે છે :

- "તે અંતર્દૃષ્ટિ શું ? તો જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ છે. અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક, વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તો પણ તે અંતર્દૃષ્ટિ નહીં. માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દૃષ્ટિ છે. અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદૃષ્ટિ છે." (વચ. ગ.પ્ર. ૪૯)
- "અને અંતર્દૃષ્ટિએ કરીને જે ભગવાનના ભક્તને વર્તવું તે જ્ઞાનયજ્ઞ કહેવાય છે. હવે કોઈ એમ પૂછે જે, 'અંતર્દૃષ્ટિ તે શું ?' તો તેનો ઉત્તર એ છે જે, બાહેર અથવા માંહેલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી એ જ અંતર્દૃષ્ટિ છે. અને તે વિના તો અંતર્દૃષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદૃષ્ટિ જ છે. માટે બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા, કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દૃષ્ટિ છે અને એ સર્વે જ્ઞાનયજ્ઞ થાય છે. અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન, વંદનાદિક જે કરવું તે પણ અંતર્દૃષ્ટિ છે ને જ્ઞાનયજ્ઞ છે." (વચ. ગ.મ. ૮)

ઉપરનાં બંને વચનોમાં આપણને શ્રીજીમહારાજનો અભિપ્રાય સ્પષ્ટપણે

સમજાય છે કે અંતર્દષ્ટિ એટલે પ્રત્યક્ષ ભગવાન તરફ વૃત્તિ. આ બંને સંદર્ભોમાં મહારાજે 'પ્રત્યક્ષ ભગવાન' તથા 'ભગવાનની મૂર્તિ' એમ બે પ્રકારના શબ્દોનો ઉપયોગ કર્યો છે. આ બંને શબ્દપ્રયોગોના આધારે એક વાત સ્પષ્ટ થાય છે કે ભગવાનના જે સ્વરૂપ પ્રત્યે વૃત્તિ રાખવાનો આદેશ શ્રીજીમહારાજે આપ્યો છે, તે સ્વરૂપ પ્રત્યક્ષ હોવું જોઈએ.

'પ્રત્યક્ષ ભગવાન' શબ્દનો મર્મ

શાસ્ત્રોમાં ભગવાનનું સ્વરૂપ અગમ્ય અને અગોચર કહ્યું છે. તૈત્તિરીયોપનિષદ કહે છે: यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह।[૪] અર્થાત્ 'મન સહિત વાણી પણ પરમાત્માને પામ્યા વિના પાછી વળે છે.' તો વળી કેનોપનિષદ સમજાવે છે: न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनः।[૫] અર્થાત્ 'પરમાત્માના સ્વરૂપ સુધી ચક્ષુ, વાણી કે મન પહોંચી શકતાં નથી.'

વચનામૃત પણ આપણને આ જ સિદ્ધાંત સમજાવે છે:

- "વેદ, પુરાણ, મહાભારત, સ્મૃતિઓ ઇત્યાદિક જે શાસ્ત્ર તેને વિષે ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે તે કહ્યું છે જે, ભગવાન કેવા છે? તો આ ચક્ષુઇન્દ્રિયે કરીને દીઠામાં આવે છે જે યત્કિંચિત્ રૂપ, તે જેવું તેમનું રૂપ નથી; અને શ્રવણે કરીને સાંભળ્યામાં આવે છે જે કાંઈ શબ્દમાત્ર, તે જેવો એ ભગવાનનો શબ્દ નથી; અને ત્વચાએ કરીને સ્પર્શમાં આવે છે જે સ્પર્શ, તે જેવો એનો સ્પર્શ નથી; અને નાસિકાએ કરીને સૂંઘ્યામાં આવે છે જે સુગંધ, તે જેવો એનો સુગંધ નથી; અને જિહ્વાએ કરીને વર્ણન કર્યામાં આવે એવા પણ એ ભગવાન નથી. અને મનના સંકલ્પમાં આવે એવા નથી તથા ચિત્તના ચિંતવનમાં આવે એવા નથી તથા બુદ્ધિના નિશ્ચયમાં આવે એવા નથી તથા અહંકારે કરીને અહંપણું ધરાય એવા નથી જે, 'એ ભગવાનનો હું છું ને એ મારા છે.' એવી રીતે ઇન્દ્રિયો-અંતઃકરણને અગોચર એ ભગવાન રહ્યા છે." (વચ. પં. ૪)

---

૪. તૈત્તિરીયોપનિષદ : ૨/૯/૧.

૫. કેનોપનિષદ : ૧/૩.

આવા મન અને વાણીથી પર એવા ભગવાન પોતે જ જ્યારે અનંત જીવોના કલ્યાણને અર્થે સંકલ્પ કરે છે ત્યારે આંખ તેઓને જોઈ શકવા સમર્થ થાય છે, ત્વચા તેઓને સ્પર્શી શકવા સમર્થ બને છે. આ વિષે શ્રીજીમહારાજ જણાવે છે:

■ "અક્ષરાતીત ને મન-વાણી થકી પર ને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, 'જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુલોકના મનુષ્ય તે સર્વે મને દેખો,' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે." (વચ.ગ.પ્ર.૭૮)

એટલે કે ભગવાન પોતે જ પોતાના કરુણામય સંકલ્પથી જગતના જીવોને નયનગોચર બને છે. પૃથ્વી પર પ્રગટ થયેલા ભગવાનના આ સ્વરૂપને 'પ્રત્યક્ષ ભગવાન' તરીકે ઓળખવામાં આવે છે. 'પ્રત્યક્ષ' શબ્દમાં 'પ્રતિ' અને 'અક્ષ' એમ બે શબ્દો સમાયેલા છે. અક્ષ એટલે ઇન્દ્રિયો. આપણાં આંખ, કાન વગેરે ઇન્દ્રિયો જેને પામી શકે તેને પ્રત્યક્ષ કહેવાય. એટલે કે જે ભગવાનના સ્વરૂપને આપણી આંખો જોઈ શકે, આપણા કાન સાંભળી શકે, આપણી ત્વચા સ્પર્શી શકે, આપણી નાસિકા સૂંઘી શકે તે પ્રત્યક્ષ ભગવાન કહેવાય.

અંતર્દષ્ટિની સાધના કરવા માટે ભગવાન પ્રત્યક્ષ હોવા અનિવાર્ય છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ હતા ત્યારે અનેક સંતો-ભક્તોએ તેઓની મૂર્તિને એકાગ્રચિત્તે નિહાળીને અતિ પ્રેમપૂર્વક હૃદયમાં ઉતારી હતી. આવાં જ એક બાઈ હરિભક્તની વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં કરી છે:

■ "એકદૃષ્ટિએ કરીને મૂર્તિને જોતે જવું અને દૃષ્ટિ પલટીને અંતરમાં તેવી ને તેવી તે મૂર્તિને ઉતારવી. જેમ ધર્મપુરમાં કુશળકુંવરબાઈ હતાં, તે અમારાં દર્શન કરતાં જતાં હતાં અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતાં; તેમ દર્શન તો મને યુક્ત દૃષ્ટિને એકાગ્ર રાખીને કરવાં, પણ જેમ બીજાં દર્શન કરે છે તેમ ન કરવાં." (વચ. સા. ૨)

કુશળકુંવરબાઈએ આપણને પોતાના વર્તન દ્વારા અંતર્દષ્ટિની એક રીત શીખવી કે બહાર જે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ હોય તેમનાં અતિ મહિમાપૂર્વક અત્યંત સ્નેહભાવથી દર્શન કરવાં. સાથે સાથે આ જ પ્રત્યક્ષ ભગવાનની

મૂર્તિને હૃદયમાં ઉતારવી અને પોતાના આત્મામાં આ ભગવાનને નીરખવા.

હવે, શ્રીજીમહારાજના સમયમાં પ્રત્યક્ષ ભગવાન તેઓ પોતે જ હતા. આથી, તે સમયના ભક્તોએ તેઓની મૂર્તિને બહારથી અને હૃદયમાં એમ બંને પ્રકારે ધારીને અંતર્દૃષ્ટિની સાધના કરી. પરંતુ જ્યારે શ્રીજીમહારાજ અંતર્ધાન થયા ત્યારપછી જો ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ ન હોય તો કોઈ પણ ભક્ત આ સાધના કરી શકે નહીં. વળી, અહીં શ્રીજીમહારાજે ભક્તોને પ્રત્યક્ષ ભગવાનને હૃદયમાં ધારવા રૂપી અંતર્દૃષ્ટિ કરવાનો આદેશ આપ્યો છે. આથી એક વાત નિશ્ચિત થાય છે કે ભગવાન પૃથ્વી ઉપર સદૈવ પ્રગટ જ રહે છે.

આ જ સિદ્ધાંતને સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે:

- "આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય; તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે." (વચ.વર.૧૯)

અર્થાત્ ભગવાન સ્થૂળ દૃષ્ટિએ અંતર્ધાન થયા પછી પણ પૃથ્વી ઉપર સદૈવ પ્રગટ જ રહે છે. આ સંત એટલે અક્ષરબ્રહ્મ સત્પુરુષ. શ્રીજીમહારાજે વચનામૃતમાં અક્ષરને ભગવાનના ધામ તરીકે ઓળખાવ્યું છે (વચ.ગ.પ્ર.૬૩, ગ.મ.૪૨). વળી, આ જ અક્ષર બીજે રૂપે કરીને અક્ષરધામમાં પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. (વચ.ગ.પ્ર.૨૧)

પુરુષોત્તમ ભગવાન જ્યારે અનંત જીવોના કલ્યાણ માટે આ પૃથ્વી ઉપર પધારે છે ત્યારે પોતાના સનાતન સેવક અક્ષરબ્રહ્મને સાથે લઈને જ આવે છે (વચ.ગ.પ્ર.૭૧). 'આ અક્ષરબ્રહ્મ સ્વયં ગુણાતીતાનંદ સ્વામી જ છે' એ વાત શ્રીજીમહારાજે ઘણા સંતો-ભક્તોને સમજાવેલી. સાથે સાથે એ સિદ્ધાંત પણ શ્રીજીમહારાજે દૃઢાવ્યો છે કે ભગવાન જેવા અક્ષરમાં રહે છે તેવા બીજા કોઈમાં રહેતા નથી (વચ.ગ.પ્ર.૪૧); કારણ કે અક્ષરબ્રહ્મ એ પુરુષોત્તમ નારાયણને ધારવાનું સર્વોત્તમ પાત્ર છે. અને તેથી જ આવા ગુણાતીત સત્પુરુષ એ ભગવાનની મૂર્તિ બની જાય છે. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે:

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.[૬]

૬. પુરુષોત્તમ પ્રકાશ : ૪૧/૯

આવા સંતે પોતાનું સમગ્ર અસ્તિત્વ પરમાત્મામાં જ ઓગાળી દીધું હોવાથી તેઓ સાક્ષાત્ ભગવાનના સ્વરૂપ તરીકે જ ઓળખાય છે. જેમ કે –

ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ; સંત તે સ્વયં હરિ.
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ; સંત તે સ્વયં હરિ.

શ્રીજીમહારાજ પણ વારંવાર એવા સંતનો મહિમા રેલાવે છે. જેમ કે –

- "એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે; એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે." (વચ. ગ.પ્ર. ૨૭)
- "એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું." (વચ. સા. ૧૦)
- "એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા; કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહીં. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે." (વચ. ગ.અં. ૨૬)

ભગવાન સ્વામિનારાયણનાં આ વચનોના આધારે સ્પષ્ટ થાય છે કે ભગવાન અંતર્ધાન થયા પછી પણ ગુણાતીત સંતમાં અખંડ અને સમ્યક્ નિવાસ કરીને રહે છે. એટલે કે પરમાત્મા અક્ષરબ્રહ્મ સત્પુરુષ દ્વારા પૃથ્વી પર સદા પ્રગટ રહે છે.

આ વિષયમાં એક સ્પષ્ટતા સમજવી જરૂરી છે કે કાષ્ઠ, પાષાણ, ધાતુ વગેરેથી નિર્મિત મૂર્તિમાં જ્યારે વિધિવત્ પ્રતિષ્ઠા કરવામાં આવે ત્યારે તેમાં ભગવાન ચોક્કસ પ્રતિષ્ઠિત થાય છે. ભગવાનનું આ સ્વરૂપ વિવિધ પ્રકારે ભક્તોના ભાવ અંગીકાર કરે છે, ભક્તોના શુભ સંકલ્પો ફળીભૂત કરે છે, અમુક પ્રકારે સુખ પણ આપે છે; છતાં શ્રીજીમહારાજે સમજાવેલી વ્યાખ્યા પ્રમાણે આ સ્વરૂપને 'પ્રત્યક્ષ ભગવાન' તરીકે ઓળખવામાં આવતું નથી. આ વિષયે શ્રીજીમહારાજનાં વચનોને સમજીએ.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧માં શ્રીજીમહારાજ જણાવે છે:

■ "જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજ્યે જ છૂટકો છે. અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તો પણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં."

અહીં શ્રીજીમહારાજ રામ-કૃષ્ણાદિક અવતારો તથા નારદ, હનુમાન વગેરે સાધુનો ઉલ્લેખ કરીને તેઓને પરોક્ષ સ્વરૂપ કહે છે. જ્યારે શ્રીજીમહારાજે આ વાક્ય ઉચ્ચાર્યું તે સમયે લાખોની સંખ્યામાં રામ, કૃષ્ણ, હનુમાનજી જેવાં સ્વરૂપોની મૂર્તિઓ ભારતમાં પ્રતિષ્ઠિત હતી જ. આ મૂર્તિઓ દ્વારા અનેક ભક્તો પોતાની ભક્તિનું પોષણ કરતા જ હતા, છતાં શ્રીજીમહારાજના અભિપ્રાય પ્રમાણે ભગવાનનાં આ સ્વરૂપો પ્રત્યક્ષ ભગવાન ન કહી શકાય, પરંતુ સદેહે બોલતા-ચાલતા ભગવાન એ જ પ્રત્યક્ષ ભગવાન કહેવાય.

આ સિદ્ધાંતને પુષ્ટ કરતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

"મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું! ને તેમ જ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, મૂર્તિયું પ્રત્યક્ષ નહીં?' ત્યારે સ્વામી બોલ્યા

જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.'' (સ્વા.વા. ૫/૩૯૨)

આમ, વચનામૃત કથિત સિદ્ધાંત પ્રમાણે પ્રત્યક્ષ ભગવાન એટલે શ્રીજીમહારાજના સમયમાં તો સ્વયં શ્રીજીમહારાજ તથા તેઓના અંતર્ધાન થયા પછી તેઓ જે સત્પુરુષ દ્વારા પ્રગટ રહ્યા હોય તે અક્ષરબ્રહ્મ ગુણાતીત સંત. આવા પ્રત્યક્ષ ભગવાન પોતાને મળી જાય તેના પછી તેની મૂર્તિ સામું જોઈ રહેવું એનું નામ અંતર્દષ્ટિ છે, એમ વચનામૃતનો મર્મ છે.

અંતર્દષ્ટિની નૂતન વ્યાખ્યા

અંતર્દષ્ટિ શબ્દમાં 'અંતર્' અને 'દૃષ્ટિ' એમ બે શબ્દો જોડાયા છે. તેમાં અંતર્ એટલે અંદર અને દૃષ્ટિ એટલે દર્શન. અહીં અંદર એટલે આત્માની અંદર. પરંતુ શ્રીહરિએ અંતર્દષ્ટિની નૂતન વ્યાખ્યા કરી છે. વચનામૃતમાં અક્ષરબ્રહ્મરૂપ સત્પુરુષને પોતાનો આત્મા માનવાનું શ્રીહરિએ કહ્યું છે. વાંચો શ્રીહરિના શબ્દો:

- ''અમારી પણ એ જ આજ્ઞા છે જે, સર્વે પરમહંસ તથા સર્વે સત્સંગી જ્ઞાનયજ્ઞ કરતા રહેજ્યો. એમ ને એમ જ્ઞાનયજ્ઞ કરતાં કરતાં જ્યારે પોતાનું સ્વરૂપ જે બ્રહ્મ તેને વિષે પરબ્રહ્મ ભગવાન સાક્ષાત્કાર દેખાય એ જ જ્ઞાનયજ્ઞનું ફળ છે.'' એવા જ્ઞાનયજ્ઞને જ શ્રીહરિ અંતર્દષ્ટિ કહે છે. (વચ. ગ.મ. ૮)

ટૂંકમાં પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને તે અક્ષરબ્રહ્મની અંદર પરબ્રહ્મનું દર્શન કરવું એટલે અંતર્દષ્ટિ. શ્રીજીમહારાજ કહે છે:

- ''જે સાધુ એમ સમજતો હોય જે, 'મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે; તે જેમ દેહમાં જીવ હોય તેમ મારા જીવને

વિષે ભગવાન રહ્યા છે, અને મારો જીવ છે તે તો શરીર છે અને ભગવાન તો મારા જીવના શરીરી છે.' અને પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે સંત થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ તે અણુમાત્ર છેટે નથી.'' (વચ. સા. ૧૦)

- ''એ વિચાર છે તે જ્યારે આ જીવ સંગાથે મળે છે, ત્યારે તે જીવના હૃદયને વિષે પ્રકાશ થાય છે અને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય છે ને તે બ્રહ્મને વિષે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય છે. અને તે દર્શનના કરનારાને એમ અનુભવ થાય છે જે, 'હું આત્મા છું અને મારે વિષે જે પરમાત્મા છે તે અખંડ રહ્યા છે.' અને એવી રીતની અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે.'' (વચ. ગ.મ. ૬૨)

આમ, અંતર્દષ્ટિ આપણને સાધનાની ચરમ સીમા સુધી પહોંચાડે છે.

સામું જોઈ રહેવું એટલે ?

'જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતર્દષ્ટિ છે' (વચ. ગ.પ્ર. ૪૯).

શ્રીજીમહારાજનાં આ વાક્યોમાં 'સામું જોઈ રહેવું' એ પદાવલિ મર્મ-સભર છે. સામાન્ય રીતે દુનિયામાં સામું જોવાની ક્રિયા ઘણા હેતુઓ માટે અને ઘણા પ્રકારે થાય છે. પરંતુ શ્રીજીમહારાજના હૃદ્ગત અભિપ્રાય પ્રમાણે આ શબ્દો અમુક વિશિષ્ટ અર્થ પ્રગટ કરે છે. અહીં પ્રત્યક્ષ ભગવાનની સામું જોઈ રહેવું એટલે –

૧. તેઓની આજ્ઞાનું પાલન કરવું;
૨. તેઓને પ્રસન્ન કરવાનો વિચાર કરવો;
૩. તેઓમાંથી સદ્ગુણો કેળવવા; અને
૪. તેઓનું સુખ ભોગવવું.

૧. આજ્ઞાપાલન

ભગવાન અને સંતની આજ્ઞાને જાણીને, તેના પાલનનું સતત અનુસંધાન

રાખવું એ તેઓની સામે જોઈ રહેવા બરાબર છે. કેવળ સ્થૂળ આંખો ભગવાનની મૂર્તિ સમક્ષ હોય અને મન બીજે ભટકતું હોય તેને અંતર્દૃષ્ટિમાં સ્થાન મળતું નથી. મનની વૃત્તિ ભગવાનનાં વચન સમક્ષ હોય તેને જ અંતર્દૃષ્ટિ કહેવામાં આવે છે.

યોગીજી મહારાજ આ વિષે સમજાવતાં કહે છે: 'ભગવાન અને સંતની આજ્ઞા પાળવી એ જ અંતર્દૃષ્ટિ છે.'

વળી, પ્રમુખસ્વામી મહારાજ પણ સમજાવે છે:

''આજ્ઞા પ્રમાણે વર્તાય તે મહારાજની મૂર્તિ સામું ૨૪ કલાક જોઈ રહેવા બરોબર છે. તેનું નામ જ અંતર્દૃષ્ટિ.

આપણે અંદર અને બહાર ભગવાન ને સંતની સામું જોઈ રહેવું એ અંતર્દૃષ્ટિ. જોવું એટલે એમની આજ્ઞા પ્રમાણે વર્તાય, એમના જેવા ગુણ પ્રાપ્ત કરવા એ.

બ્રહ્મસ્વરૂપ સંત મળ્યા. તેમની ઇચ્છા પ્રમાણે જીવન બને તે અંતર્દૃષ્ટિ.''

મહંત સ્વામી મહારાજે પણ અંતર્દૃષ્ટિનો આવો અર્થ સમજાવતાં કહ્યું છે કે 'સામું જોઈ રહેવું એટલે ડોળા કાઢીને જોવું એમ નહીં, પણ એમની મરજી શું છે? એમને શું કરાવવાનું તાન છે? એવી વૃત્તિ રહે તે અંતર્દૃષ્ટિ. પહેલાં આ આવે, ને પોતા સામું જોવું – વધ્યો કે ઘટ્યો તે અંતર્દૃષ્ટિ પછી આવે.'

૨. પ્રસન્નતાનો વિચાર

પ્રગટ સત્પુરુષને પ્રસન્ન કરવાનો અખંડ વિચાર એ અંતર્દૃષ્ટિ છે. આવા ભક્તના હૃદયમાં રહેલી ભગવાનની મૂર્તિ ભક્તને સતત સાધનામાર્ગમાં આગળ વધારે છે.

શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૬મા વચનામૃતમાં કહે છે:

- ''અંતર્દૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી દેખાતી હશે અને જ્યારે નિર્માનીપણે વર્તાતું હશે ત્યારે પોતાના હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની દૃષ્ટિ અતિ પ્રસન્ન જણાતી હશે.''

આમ, ભગવાનની મૂર્તિની પ્રસન્નતા કે અણગમાના આધારે ભક્ત

અંતર્દષ્ટિ દ્વારા પ્રગતિ કરતો રહે છે.

૩. સદ્‌ગુણો કેળવવા

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં આપણને 'અક્ષરરૂપ' - 'બ્રહ્મ-રૂપ' થવા વિષે વાત સમજાવી છે. અક્ષરરૂપ થઈએ તો જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે (વચ. લો.૭), અને તો જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થાય છે. (વચ. લો.૧૨)

અક્ષરરૂપ થવું એટલે અક્ષરબ્રહ્મ સત્પુરુષમાં જોડાવું, તેઓના સદ્‌ગુણો પ્રાપ્ત કરવા. જીવ અનાદિ કાળથી માયામાં અટવાયેલો છે. તેણે આજ પર્યંત માયિક સુખનો જ અનુભવ કર્યો છે. ભગવાનનો યથાર્થ મહિમા, સુખ વગેરે બાબતોથી તે અત્યંત અજ્ઞાની છે. આ બધું પ્રાપ્ત કરવા માટે અક્ષરબ્રહ્મ ગુરુની આવશ્યકતા છે. આવા ગુરુ પરમાત્માનો યથાર્થ મહિમા જાણીને, તેઓમાં અતિ આરૂઢ સ્નેહ કરીને તેઓનું યથાર્થ સુખ ભોગવે છે. આવા ગુરુના ગુણો પ્રાપ્ત કરવાથી આપણને પણ પરમાત્માના સુખનો અનુભવ થાય છે.

અક્ષરબ્રહ્મ ગુરુના ગુણો પ્રાપ્ત કરવા માટેનો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે:

- ''જીવને દેહ અને ઇન્દ્રિયો ને વિષય તેનો સંગ ઘણો થયો છે; માટે સંગદોષે કરીને એ જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે. તે એના સંગને મૂકીને એ જીવ એમ સમજે જે, 'મારું સ્વરૂપ તો માયા થકી મુક્ત ને પર એવું જે બ્રહ્મ તે છે.' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.'' (વચ. ગ.મ.૩૧)

બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવો એટલે અક્ષરબ્રહ્મ સત્પુરુષને મનમાં સંભારવા, તેઓમાં અખંડ વૃત્તિ રાખવી. ભક્ત જ્યારે આવા ગુરુ સામે અખંડ દૃષ્ટિ રાખીને એમ વિચાર કરતો રહે છે કે 'આ સંત અતિ અપાર મહિમાના ભાવથી ભગવાનને સેવે છે. તેઓના હૃદયમાં પરમાત્મા પ્રત્યે અતિ આરૂઢ સ્નેહ છે. તેઓ જગતથી અતિ અનાસક્ત રહીને ભગવાનનું અનંત સુખ અખંડ ભોગવી રહ્યા છે. તેઓ સત્ય, શૌચ, દયા, ક્ષમા, ધર્મ, વૈરાગ્ય વગેરે અનંત સદ્‌ગુણોથી સંપૂર્ણ વિભૂષિત છે.' વળી, આવા વિચારની સાથે ભક્ત જ્યારે

અક્ષરબ્રહ્મ ગુરુની સાથે ઐક્યનો ભાવ કેળવે છે, તેઓને પોતાનું સ્વરૂપ સમજે છે ત્યારે ભગવાનની કૃપાથી ભક્તના હૃદયમાં બ્રહ્મના ગુણો પ્રાપ્ત થાય છે.

આમ, બ્રહ્મના ગુણો કેળવવા માટે વચનામૃત આપણને બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવાની એટલે કે અંતર્દૃષ્ટિ દ્વારા અક્ષરબ્રહ્મ સત્પુરુષની સામું જોઈ રહેવાની સાધના શીખવે છે.

૪. સુખ ભોગવવું

આપણને સંત દ્વારા સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. સુવર્ણના પાત્રમાં અમૃત ભર્યું હોય તો તે અમૃતનું પાત્ર ગણાય. એ પાત્ર દ્વારા અમૃતના ભોગી બની શકાય. એ જ રીતે અક્ષરબ્રહ્મ સંત દ્વારા પ્રગટ રહેલા પરમાત્માનો આનંદ ભોગવવો એ ભક્તનું લક્ષણ છે.

અક્ષરબ્રહ્મ ગુરુ આપણા માટે બે પ્રકારની ભૂમિકા ભજવે છે: એક તો ગુરુ તરીકે આપણને બ્રહ્મરૂપ બનાવે છે અને પરમાત્માનો મહિમા સમજાવે છે; તથા બીજું કે તેઓ પરમાત્માના સમ્યક્ ધારક હોવાથી આપણને પરમાત્માના સુખનો અનુભવ કરાવે છે. એટલે કે પરમાત્માનું સુખ કેવી રીતે ભોગવવું તેની રીત પણ તેઓ જ પોતાનાં વાણી-વર્તન દ્વારા સમજાવે છે અને પોતામાં રહેલા પરમાત્માના સુખની લહાણ પણ તેઓ જ કરે છે.

જ્યારે પ્રત્યક્ષ ભગવાન આંખોની સામે હોય ત્યારે તેઓનાં દર્શન, વાતો, પ્રસાદ વગેરે દ્વારા તેઓનું સુખ ભોગવવું તથા જ્યારે તે મૂર્તિ નેત્રથી અળગી હોય ત્યારે હૃદયમાં એ મૂર્તિનો આનંદ ભોગવવો એ જ અંતર્દૃષ્ટિ છે, એ શ્રીજીમહારાજનાં વચનોનો મર્મ છે. (વચ. ગ.પ્ર. ૪૯, ગ.મ. ૮)

આવા પ્રકારની અંતર્દૃષ્ટિ કરનાર ભક્ત જીવનમુક્ત કહેવાય છે. આવા ભક્તને દેહ મૂક્યા પછી જ અક્ષરધામનો અનુભવ થાય એમ નથી, પરંતુ તે તો છતે દેહે જ ભગવાનના ધામનો અને ધામમાં રહેલા ભગવાનની મૂર્તિના સુખનો અનુભવ કરે છે. (વચ. ગ.અં. ૭)

આથી જ શ્રીજીમહારાજ કહે છે કે ભગવાનનું ધામ બાહ્યદૃષ્ટિએ કરીને ઘણું છેટે છે, પરંતુ આત્મદૃષ્ટિ - અંતર્દૃષ્ટિથી તો અણુમાત્ર છેટે નથી. (વચ. સા. ૧૦)

જાણપણું

આધ્યાત્મિક સાધનામાં અંતર્દૃષ્ટિનું મહત્ત્વ અનોખું છે.

અંતર્દૃષ્ટિ એટલે પોતાની જાત પર સતત નજર.

અંતર્દૃષ્ટિ એટલે અંતર સન્મુખ જોતાં જોતાં પોતાની જાતને ભૌતિકતાથી મુક્ત રાખીને પરમાત્મા તરફ જોડવાની એક ચાવી.

અંતર્દૃષ્ટિ માટે જુદી જુદી પરિભાષાઓનો ઉપયોગ થયો છે. વચનામૃત, સ્વામીની વાતો વગેરે શાસ્ત્રોમાં અંતર્દૃષ્ટિ માટે વિવિધ પર્યાયવાચી શબ્દોનો પ્રયોગ થયો છે; જેમ કે, જાણપણું, જાણપણારૂપ દરવાજો, ખટકો, પ્રતિલોમ, સાવધાની વગેરે. વળી, જુદા જુદા સંદર્ભોમાં આ સદ્‌ગુણ વિશિષ્ટ રીતે પ્રગટ થતો નજરે ચઢે છે. જેમ કે ક્યાંક પોતાની ભૂલ જોવા બાબતે તો ક્યાંક કામાદિક દોષો હૃદયમાં ન પ્રવેશે તેની સાવધાની રાખવા બાબતે, ક્યાંક પોતાને જ ઉપદેશ આપવા બાબતે તો ક્યાંક પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવા બાબતે.

જીવનયાત્રાને સાર્થક કરવા, સાધનાને સફળ બનાવવા માટે સતત જાણપણું રાખવું ખૂબ જ જરૂરી છે.

જાણપણું એટલે સાવધાની, ખટકો, સતત જાગૃતિ. દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ છેતરી ન જાય; અંતરમાં કામાદિક શત્રુઓ રૂપી આતંકવાદીઓ પેસી ન જાય; જીવનમાં આળસ, પ્રમાદ, બેદરકારી કે ગાફલાઈ આવી ન જાય; ભગવાન અને સત્પુરુષને વિષે મનુષ્યભાવ આવી ન જાય; સંતો-ભક્તોના અભાવ-અવગુણમાં પડી ન જવાય; ભગવાન અને સંતનું ગમતું

મૂકીને પોતાનું મનધાર્યું થઈ ન જાય; તે માટે સતત સાવધાની રાખવી જોઈએ, હંમેશાં જાણપણારૂપ દરવાજે રહેવું જોઈએ.

જે ભક્તો જાણપણારૂપ દરવાજે રહી ભક્તિ કરે છે તેઓની ભક્તિનું પ્રમાણ સ્વયં શ્રીજીમહારાજે આપ્યું છે. આવા ભક્તોને શ્રીજીમહારાજે સૌના આદર્શ તરીકે સ્થાપ્યા છે. તેઓની સ્થિતિનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ કહે છે:

- "અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે તે ભગવાનના ધામનો દરવાજો છે. તે દરવાજા ઉપર સર્વ સંત ઊભા છે. જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે, 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહીં.' એવી રીતે હિંમત સહિત ઢાલ, તરવાર બાંધીને ઊભા રહે છે. તેમ આ સર્વે સંત છે તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન-સ્ત્રીઆદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાંખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે. અને હાનિ-વૃદ્ધિ, સુખ-દુઃખ, માન-અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી." (વચ. ગ.અં. ૯)

ભગવાનના ઉત્તમ ભક્તોનું આ લક્ષણ છે. તે જાણપણારૂપ દરવાજે ઊભા રહીને અંતઃશત્રુઓનો નાશ કરી નાખે છે. આ જ વાતને દૃઢાવતાં શ્રીજીમહારાજ જણાવે છે:

- "એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની મૂર્તિને વિષે જ્યારે વૃત્તિને રાખે છે ત્યારે તે વૃત્તિના બે વિભાગ થાય છે; તેમાં એક

વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે અને બીજી તો જે ભજનનો કરનારો તેમાં રહે છે. અને ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહે છે તે પ્રેમે યુક્ત રહે છે અને ભજનના કરનારામાં જે વૃત્તિ રહે છે તે તો વિચારે યુક્ત રહે છે; અને તે વૃત્તિ જે તે ભજનના કરનારાને વિષે ભગવાનના ભજન વિના બીજા જે જે ઘાટ-સંકલ્પ થાય છે તે સર્વેને ખોટા કરી નાંખે છે તથા તે ભજન કરનારામાં જે દોષ તે સર્વેને ખોટા કરી નાંખે છે, એવી રીતે તેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે.'' (વચ. ગ.પ્ર. ૨૩)

શ્રીજીમહારાજનાં વચનોથી સ્પષ્ટ થાય છે કે સાચો ભક્ત સદાય સાવધાનીમાં વર્તે છે. જો સતત જાણપણું રાખે તો જ સાચી સેવા થઈ શકે.

આ વાતને એક પ્રસંગ દ્વારા સમજીએ...

યોગીજી મહારાજના સમયમાં ગોંડળ નરેશ ભગવતસિંહ બાપુના મહેલની બહાર ચોકીદાર તરીકે એક દરબાર વીરમજી બાપુ નોકરી કરતા હતા. તેઓનો પગાર મહિને પાંચ રૂપિયા હતો.

એક વાર ચોકી કરતાં કરતાં તેઓને ઝોકું આવી ગયું. આ સમય દરમ્યાન એક કૂતરું મહેલમાં પેસી ગયું તે ઠેઠ ભગવતસિંહ બાપુની ખુરશી સુધી આવી ગયું. કચેરીમાં કૂતરાને જોઈને બાપુ ગુસ્સે ભરાયા. 'કોણ છે ચોકીદાર ?' કહીને વીરમજી બાપુને બોલાવવામાં આવ્યા. આવી ગાફલાઈ રાખવા બદલ તેઓને પાંચ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

જો ચોકીદાર જાણપણું ચૂક્યા તો પોતાની સેવામાં કલંક લાગ્યું.

આમ, જો ભગવાનનો ભક્ત જાણપણું ચૂકે તો પોતાની ભક્તિમાં કલંક લાગે.

આથી ચોકીદારની જેમ, ભગવાનનો ભક્ત પણ પંચવિષયોનું બંધન ન થાય તે માટે સતત સાવધાન રહે છે. શ્રીજીમહારાજ કહે છે :

- ''ગૃહસ્થ ભક્તને જ્યારે દુઃખ પડે અથવા ઘણું સુખ આવી પડે ત્યારે તે એમ વિચાર રાખે જે, 'રખે મારે આમાંથી બંધન થાય !' એવું જાણીને તે સંસારમાંથી ઉદાસ રહે.'' (વચ. ગ.પ્ર. ૧૪)
- ''એ કુસંગી થકી ને અંતઃશત્રુ થકી નિરંતર ડરતા રહેવું.'' (વચ. ગ.પ્ર. ૪૮)

■ "જે સમજુ હોય ને તે જો એ ભરતજીની વાત વિચારે તો અંતરમાં અતિ બીક લાગે જે, 'રખે ભગવાન વિના બીજે ઠેકાણે હેત થઈ જાય!' એવી રીતની અતિશય બીક લાગે." (વચ. ગ.અં.૧૮)

આમ, ભગવાનના સાચા ભક્ત તો વિષય પ્રત્યે પોતાની લેશમાત્ર વૃત્તિ ન જાય તે માટે સતત ડરતા જ રહે છે.

શ્રીજીમહારાજના એક નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતધારી વાસુદેવાનંદ સ્વામી આવા જાણપણાવાળા હતા. એક વાર તેઓ જેતલપુરમાં મહોલ પર બેસીને 'સત્સંગિભૂષણ' ગ્રંથ રચવામાં મગ્ન હતા. એ સમયમાં અચાનક તેઓની દૃષ્ટિ દૂર ખેતર તરફ ગઈ. આ ખેતરમાં એક મોર કળા કરીને ઊભો હતો. તેઓને ત્યાં સ્ત્રી ઊભી હોવાની ભ્રાંતિ થઈ. આ જાગ્રત સંત બીકના માર્યા નીચે ઊતરી ગયા. 'દૃશ્યની સુંદરતામાં ક્યાંક પોતાને બંધન તો નહીં થાય ને!' એવા ફફડાટ સાથે તેઓએ એ દિવસે ઉપવાસ કર્યો!! અંતરમાં વિકાર પ્રવેશવા આવે તે પહેલાં કેવું જાણપણું!!!

'૭૦ની સાલમાં યોગીજી મહારાજ લંડન પધાર્યા. એક વાર તેઓએ ઘનશ્યામચરણદાસ સ્વામીને કહ્યું: 'પાણી લાવો.' આ સંતો ખૂબ જ ખટકાપૂર્વક યોગીજી મહારાજની રુચિનું પાલન કરતા. ઘનશ્યામચરણદાસ સ્વામીએ ગાળેલું પાણી ભગવાનને ધરાવીને યોગીબાપાને આપ્યું.

યોગીજી મહારાજે પૂછ્યું: 'ઠાકોરજીને ધરાવ્યું?'

જવાબ મળ્યો: 'હા.'

પુનઃ પૂછ્યું: 'ગાળ્યું?'

'હા.'

'જો જો બાપ, મારી ન નાખતા.' યોગીબાપાના હૃદયમાં રહેલું જાણપણું શબ્દો દ્વારા વ્યક્ત થયું. જેને નાના નિયમમાં થતો લોપ પણ મૃત્યુ જેવો દુઃખદાયી લાગતો હોય તેના જીવનમાં શિથિલતા ક્યાંથી પ્રવેશી શકે?

એક વાર શાસ્ત્રીજી મહારાજ બદલપુરમાં હતા. તેઓ સવારે વહેલા શૌચવિધિ પતાવી પાછા આવ્યા. આણંદના મણિભાઈ નારણભાઈ નામના હરિભક્ત માટી લઈ સ્વામીના હાથ ધોવરાવવા માટે તૈયાર હતા. શુદ્ધિના નિયમ અનુસાર શૌચ બાદ ૧૭ વખત હાથ ધોવામાં આવે તો હાથ સંપૂર્ણ શુદ્ધ થયા ગણાય. સ્વામીને હાથ ધોવરાવતાં ધૂળ ખૂટી. મણિભાઈ કહે: 'અહીં

કોણ જુએ છે? એક વાર નહીં ધૂઓ તો ચાલશે.'

શાસ્ત્રીજી મહારાજ પુણ્યપ્રકોપ ઠાલવતાં કહે: 'તારી આળસને લીધે મારો નિયમ લોપે છે? આ ખેતર પડ્યું છે, જા લઈ આવ માટી.'

પછી નિયમ પ્રમાણે જ હાથ ધોયા.

આમ, આપણે અખંડ જાણપણારૂપ દરવાજે કેવી રીતે ઊભા રહેવું તે ગુણાતીત સત્પુરુષોએ આપણને પોતાના વર્તન દ્વારા સમજાવ્યું છે.

ભગતજી મહારાજ સં. ૧૯૫૦ની સાલમાં વાંસદાના દીવાનનું આમંત્રણ સ્વીકારીને તેઓને ત્યાં પધાર્યા. એક દિવસે રાત્રે સૂતા પછી મોડી રાત્રે એક વાગ્યે ભગતજી જાગી ગયા અને ભજન કરવા લાગ્યા. જ્યારે સૌ ભક્તો તેઓની આજુ બાજુ વીંટળાઈ વળ્યા ત્યારે ભગતજી ગંભીર સ્વરે બોલવા લાગ્યા: 'જેને ભગવાનને વશ કરવા હોય અને અખંડ ભજન કરવું હોય તેને આવી રીતે ફડકી ફડકીને જાગવું અને ભજન કરવું. મુમુક્ષુને તો હરણફડકો અને કાકનિદ્રા જોઈએ, કારણ કે જેને માથે શત્રુ હોય તેને ઊંઘ આવે નહીં; તેમ આપણે માથે જ્યાં સુધી અંતઃકરણ-ઇન્દ્રિયોરૂપ શત્રુ જીવતા છે, ત્યાં સુધી સુખે ઊંઘાય નહીં.'

અધ્યાત્મ-માર્ગમાં જાણપણાની ખૂબ અગત્યતા છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે: 'આપણે બ્રહ્મરૂપ થવું છે તો અખંડ જાણપણારૂપ દરવાજે રહેવું. જરા પણ જાણપણું ચૂકીએ તો ગોટાળો થાય. તેથી ક્યારેય જાણપણું ન ચૂકવું. ખૂબ ખબડદાર રહેવું. જાણપણારૂપ દરવાજે રહીએ તો આપણને આપણી ભૂલો દેખાય. જાણપણું ચૂકવું નહીં અને અંતર્દષ્ટિ ભૂલવી નહીં.'

ખરેખર, અધ્યાત્મ-માર્ગ એ પુષ્પોની પથારી નથી, પરંતુ કાંટાળી કેડી છે. તેમાં પળે પળે જાણપણું રાખવું પડે. શ્રીજીમહારાજે આ માર્ગમાં સિદ્ધિ પામવાની કઠિનતા વર્ણવતાં જણાવ્યું છે:

- "ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે." (વચ. ગ.પ્ર. ૧૪)
- "એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે." (વચ. ગ.પ્ર. ૪૪)
- "એ (ભૂંડા સંસ્કાર) ટાળવા ઘણા કઠણ છે." (વચ. ગ.પ્ર. ૫૮)
- "કામ જીત્યાનું સાધન તો સૌથી ઘણું કઠણ છે." (વચ. ગ.પ્ર. ૭૩)
- "મત્સર તે સર્વ વિકારથી ઝીણો છે અને મત્સર ટળવો તે પણ ઘણો કઠણ છે." (વચ. કા. ૬)

■ "ભગવાનનો નિશ્ચય થવો તે સૌથી મહાકઠણ છે." (વચ. લો. ૧૮)

■ "આત્મદર્શન થવું બહુ કઠણ છે." (વચ. ગ.મ. ૩૫)

કઠોપનિષદ પણ આ માર્ગની કઠિનતા જણાવતાં કહે છે: 'क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत् कवयो वदन्ति॥'[૭] એટલે કે મનીષીઓ અધ્યાત્મપથને અસ્ત્રાની ધાર પર ચાલવા જેવો કઠણ કહે છે.

મુક્તાનંદ સ્વામીએ તો વળી એથી વિશેષ વાત કરી: *'ધાર તલવારની સોયલી ચપળ છે, વચનની ટેક તે વિકટ જાણો.'* અર્થાત્ કદાચ તલવારની તીક્ષ્ણ ધાર પર ચાલવું તે તો સરળ છે, પરંતુ વચનની દઢતા રાખવી ખરેખરું કઠણ છે.

આ માર્ગમાં જરા પણ ગાફલાઈ કે આળસ ન ચાલે, થોડું જાણપણું ચુકાય તો ઘણું મોટું નુકસાન થાય. ઊંટગાડી કે બળદગાડાની ચાલક વ્યક્તિ જો ગાડામાં સૂઈ જાય તો પણ ગાડું પોતાના સ્થાને પહોંચી જાય, પરંતુ બસ ડ્રાઇવરને એક ઝોકું આવે તે પણ ન ચાલે. નિર્જન માર્ગ ઉપર કોઈ વ્યક્તિ મન ફાવે તે રીતે ચાલે તો પણ વાંધો ન આવે, પરંતુ નાયગ્રા ફોલ્સ ઉપર દોરડું બાંધીને ચાલનાર વ્યક્તિ જો જરા ગાફલાઈ રાખે તો તેણે મોતને ભેટવું પડે.

૨૪ માર્ચ, ૧૯૮૯ના દિવસે એક્સોન વેલ્ડેઝ (Exxon Valdez) નામનું જહાજ દરિયામાં જતું હતું. ૧,૦૦૦ ફૂટ લાંબા આ જહાજમાં ક્રૂડ ઓઇલ ભર્યું હતું. તે કેલિફોર્નિયા તરફ ગતિ કરતું હતું. માર્ગમાં અલાસ્કાના દરિયાનો છીછરો ભાગ આવતાં તે જમીન સાથે અથડાયું. ૨,૬૦,૦૦૦ થી ૭,૫૦,૦૦૦ બેરલ જેટલું ઓઇલ પાણીમાં ઢોળાઈ ગયું. સતત બે દિવસ સુધી તો ઓઇલ જહાજમાંથી નીકળ્યા જ કર્યું. દરિયામાં ૨૮,૦૦૦ ચોરસ કિલોમીટર સુધી તેલ પ્રસર્યું. સમુદ્રના પાણી ઉપર તેલનું આવરણ છવાઈ ગયું હોવાથી એકથી અઢી લાખ દરિયાઈ પક્ષીઓ, ૨૮૦૦ જેટલી જળ બિલાડીઓ, ૩૦૦ સીલ, ૨૪૭ બેલ્ડ ઇગલ, ૨૨ કિલર વ્હેલ અને બીજા ઘણાં પ્રાણીઓ મૃત્યુ પામ્યાં. આ તેલની સાફસફાઈ કરવાનો ખર્ચ બે અબજ ડોલર જેટલો થયો. ઇતિહાસની આ સૌથી મોટી ઓઇલ દુર્ઘટના હતી.

આ દુર્ઘટનાનું કારણ જણાવતાં ગ્રેગ પેલેસ્ટ નામના રિપોર્ટરે ૨૦૦૮માં

૭. કઠોપનિષદ : ૩/૧૪.

રિસર્ચ કરીને કહેલું કે જો તે લોકોએ રડાર સામે જોયું હોત તો દુર્ઘટનાને અટકાવી શક્યા હોત, પરંતુ રડાર છેલ્લા એક વર્ષથી તૂટેલું અને બંધ પડ્યું હતું. કંપનીને ખબર હોવા છતાં ગાફલાઈને કારણે તેને રિપેર કરાવ્યું ન હતું.

થોડીક ગાફલાઈ પોતાનો અને બીજાનો વિનાશ નોંતરે છે.

એટલે જ નિષ્કુળાનંદ સ્વામી જણાવે છે:

'જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી;
માથે મોટા વેરી છે વિષમ, ખોટી નહીં વાત ખરી.
રહેવું નહીં ગાફલ ગમાર, માલ અતોલ મળે;
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે.'[૮]

યોગીજી મહારાજ આ પંક્તિના આધારે બોલેલા: 'કલાકે કલાકે નહીં, પળે પળે વિચાર કરવો.'

યોગીબાપા આ વિષે એક બોધકથા સંભળાવતા:

"ભીમદા અને ખીમદા બે નાગા બાવા હતા. બીચારા પાસે કાંઈ સાધન નહીં. જંગલમાં પડ્યા રહે. એક રાતે એક ચોર તેઓને વટેમાર્ગુ જાણીને લૂંટવા આવ્યો. ભીમદા ઉપર કંઈક મળવાની અપેક્ષાથી હાથ ફેરવવા માંડ્યો. ભીમદાએ કહ્યું: 'ખીમદા! મારા શરીર પર કોઈ હાથ ફેરવે છે.'

ખીમદા કહે: 'એને મારી પાસે મોકલ. મારા શરીર પર જરા હાથ ફેરવે તો મારાંય મછરાં ઊડે.'

આ વાત સાંભળીને જ ચોર ત્યાંથી પલાયન થઈ ગયો."

યોગીજી મહારાજ આ દૃષ્ટાંતનો સિદ્ધાંત સમજાવતા કે નાગા બાવા પાસેથી શું લૂંટાવાનું હોય? પણ જેની પાસે જોખમ છે એને ભય છે. તેણે સાવધાની રાખવી પડે.

ખરેખર, જે બસ કે ટ્રેનના મુસાફરે ગળામાં હીરા-મોતીનો હાર પહેર્યો હોય, ગજવામાં ૫ કરોડની રકમ હોય એવો માણસ જરા પણ ગાફલાઈ રાખે તે ન ચાલે. એ જ રીતે આપણી પાસે મહા અણમૂલી સંપત્તિ છે – ભગવાન અને સત્પુરુષ. અનંત અનંત જન્મોમાં પહેલી જ વાર આવા ભગવાન અને આવા સંત મળ્યા. આપણે પણ એવા ભગવાનને પ્રસન્ન કરવાનું અતિ અમૂલ્ય કાર્ય આદર્યું છે. *'અતિ આદર્યું કામ અતોલ, પરલોક પામવા.'* હવે જો

૮. ચોસઠપદી : ૪૦/૩,૪.

જરા ગાફલાઈ રાખીએ તો આ સંબંધ ખોઈ બેસીએ. ભલે કદાચ સત્સંગ સાવ છૂટી ન જાય તો પણ સત્સંગનો જે દિવ્ય આનંદ આવવો જોઈએ તે ન આવે. ગાફલ અને આળસુ વ્યક્તિ ભગવાનનું સુખ પામી શકતો નથી.

શ્રીજીમહારાજ કહે છે:

- ''હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.'' (વચ. ગ.પ્ર. ૨૦)
- ''જેને ગાફલાઈ હોય તેને તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ ન રહે.'' (વચ. ગ.પ્ર. ૨૨)
- ''જે પ્રમાદી હોય તે વધે નહીં.'' (વચ. કા. ૩)

એટલે જ આપણી આળસ, ગાફલાઈને ખંખેરીને સાવધાની પૂર્વક ભગવાનને ભજતા રહેવાની વાત વચનામૃત દૃઢાવે છે.

આપણે જે જે બાબતોમાં વિશેષ જાણપણું રાખવાનું છે તેનો ઉપદેશ આપતાં યોગીજી મહારાજે સમજાવ્યું છે:

'બે પ્રકારના જાણપણામાં એક તો ભગવાન અને ભગવાનના ભક્તમાં મનુષ્યભાવ ન આવવા દેવો. બીજું આજ્ઞામાં ફેર ન પડવા દેવો. આજ્ઞા-ઉપાસનામાં ભંગ થાય તો જાણપણું ગયું કહેવાય.'

'જાણપણારૂપ દરવાજો એટલે શું? ભગવાન અને ભગવાનના ભક્તનો અભાવ પેસવા ન દેવો. ભગવાન કે સત્પુરુષને વિષે અભાવ આવે કે દોષ પરઠાઈ જાય અથવા ક્રિયામાં મનુષ્યભાવ આવે એટલે જાણપણારૂપ દરવાજામાં દોષ પેઠા કહેવાય.'

'ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવે તે જાણપણું કહેવાય. કોઈનો અભાવ ન આવે એ જાણપણું.'

'અખંડ જાણપણું જ્ઞાનનું-બ્રહ્મરૂપપણાનું રાખવું.'

આવા પ્રકારની સાવધાની જો સતત રાખવામાં આવે તો અધ્યાત્મ-માર્ગમાં ક્યારેય વિઘ્ન ન આવે અને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય.

ભૂલનો સ્વીકાર

અંતર્દષ્ટિનાં વિવિધ પાસાંઓમાં એક મહત્ત્વનું પાસું છે – પોતાની ભૂલ દેખાવી અને તેનો સ્વીકાર થવો.

આ અંતર્દષ્ટિએ અનેકનાં જીવન સુધાર્યાં છે, અંતરની મલિનતાને દૂર કરી છે, હૃદય શુદ્ધ બનાવ્યાં છે.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે માનવ સહજ પ્રકૃતિનો ઉલ્લેખ કરતાં કહ્યું છે: ''જીવમાત્રનો તો એવો સ્વભાવ છે જે, જ્યારે કાંઈક પોતામાં વાંક આવે ત્યારે એમ બોલે જે, 'મને બીજે કોઈએ ભુલાવ્યો ત્યારે મારામાં ભૂલ્ય પડી, પણ મારામાં કાંઈ વાંક નથી.'' (વચ. ગ.અં. ૬)

'મારી ભૂલ છે.' આ શબ્દો પહેલી નજરે ખૂબ સાદા અને સરળ જણાય છે, પરંતુ તેને સ્વીકારવા એ લોઢાના ચણા ચાવવા જેવું કઠણ છે. તેના માટે ખૂબ હિંમતની જરૂર પડે.

'મારી ભૂલ શું?' એ પ્રશ્ન માત્ર આજના માનવીનો નથી, પરંતુ આસુરી પરંપરામાંથી ચાલ્યો આવતો અને એવા જ વ્યક્તિઓ પાસેથી ભેટ મળેલો આ સનાતન પ્રશ્ન છે.

કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધના વિરામ બાદ દુર્યોધનના મુખમાંથી નીકળેલો આ જ પ્રશ્ન તેને પણ કોરી ખાતો હતો. મહાભારતના યુદ્ધનો અઢારમો દિવસ હતો. ધૂળથી રગદોળાયેલું શરીર, ઊંચી ચડી ગયેલી ભ્રમરો, ઊંડી ઊતરી ગયેલી આંખો અને ફરતાં કાળાં કુંડાળાં, ભાંગેલી સાથળોને કારણે બે હાથ ટેકવીને બેઠો થવા મથતો દુર્યોધન, ભોરિંગની જેમ માથું પછાડતો, ફૂંફાડા

મારતો નિસાસા સાથે ઘમંડ ઓકતો હતો. સામે સેવક સંજય પોતાના સ્વામીની આવી દુર્દશા જોઈ સ્તબ્ધ બની ઊભો હતો.

'બોલ સંજય! મેં ખોટું શું કર્યું છે? મેં ધર્મ, અર્થ અને કામનું સેવન કર્યું છે, વિધિપૂર્વક વેદાધ્યયન કર્યું છે, દાન કર્યું છે. મેં યજ્ઞો કર્યા છે, સમુદ્રપર્યંત પૃથ્વી પર રાજ્ય કર્યું છે. મેં જીવતા શત્રુઓના મસ્તક પર પગ મૂક્યો છે. ભલે મારું મૃત્યુ થાય, પણ મારા જેવું ઉત્તમ મરણ મેળવનાર બીજો કોણ છે?'

'સંજય! સૌને કહી દેજે - મેં સ્વધર્મથી લોકોને જીત્યા છે છતાં આજે મારી આ દશા!! મારી સાથે અજેય ભીષ્મ હતા. શ્રેષ્ઠ ધનુર્ધર, મારો જમણો હાથ કર્ણ મારી સાથે હતો! શસ્ત્રવેત્તા મહારથીઓ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરે મારું રક્ષણ કરતા હતા છતાં મારી આ દશા?!'

પ્રશ્ન પૂછતી દુર્યોધનની આંખો જાણે હમણાં બહાર નીકળી પડશે એવું સંજયને લાગ્યું. વળી, દુર્યોધને આગળ કહ્યું:

'કાળની ગતિ ન્યારી છે. પાંડવોએ અધર્મ આચર્યો છે. ભીમે યુદ્ધરીતિનો ભંગ કર્યો છે. કપટથી મને, મારા બાંધવોને, મારા સાથીઓને માર્યા છે. તેઓ ધૂર્ત છે સંજય! તેઓ કપટી છે, લુચ્ચા છે, અધર્મી છે. છતાં તેઓનો વિજય? પણ એને વિજય કોણ કહેશે?'

હા... હા... હા... અટ્ટહાસ્ય કરવાનો પ્રયત્ન કરતો, તૂટતા સ્વરે અહંનો દોર સાંધતો એ ફરી કહેવા લાગ્યો:

'કૃષ્ણ! એનાં જ આ અવળાં કરતૂતો! પણ એ દોષ મારા પર ઢોળતો હતો કે જે જે અન્યાયી આચરણ, અધમી કૃત્યો પાંડવોને કરવા પડ્યાં છે તેમાં મૂળ કારણ તો મારો જ અત્યાચાર છે. પણ સંજય! તું કહે, મેં ખોટું શું કર્યું? આમાં મારી ભૂલ શું? મેં અવળી બુદ્ધિનો આશ્રય નથી કર્યો. કોઈ ઘાતકી સૂતેલાને મારે અથવા કોઈ ક્રૂર શત્રુને ઝેર આપીને મારે એવું કશું જ મેં નથી કર્યું. તો કહે, 'મારી ભૂલ શું?'[૯]

આખી જિંદગી જેણે પાંડવોને ત્રાસ આપવામાં ગાળી હતી, પાંડવો પ્રત્યેની ઈર્ષ્યાની આગમાં જે સતત સળગતો રહેતો, પાંડવોના દુઃખમાં જ પોતાનું સુખ માનીને આસુરી મજા જે માણતો રહેતો એવો દુર્યોધન પોતાની અનેક ભૂલોની પરંપરાનો વાહક બન્યો હોવા છતાં, ભૂલોના દલદલમાં

---

૯. મહાભારત : શલ્યપર્વ/૬૧/૩૯-૫૩

ખૂંપેલો હોવા છતાં જીવનની અંતિમ ઘડીઓમાં પણ ઊછળી ઊછળીને બોલતો રહ્યો: 'સંજય ! મારી ભૂલ શું ?'

અતિ હાસ્યાસ્પદ લાગે તેવું આ વાક્ય દુર્યોધનની પ્રગતિના માર્ગમાં વજ્રનાં બંધ કમાડ જેવું સાબિત થયેલું. પોતાની ભૂલ ન દેખાય એ જ વ્યક્તિની મોટામાં મોટી ભૂલ.

'એથી ભૂલ બીજી કઈ ભારી, નિજ દોષને નવ દેખે રે.'

આ જ આશ્ચર્યકારી વાક્યને શબ્દો બદલીને ધૃતરાષ્ટ્રે પણ કહેલું. તેણે કહ્યું હતું: 'न स्मराम्यात्मनः किञ्चित् पुरा सञ्जय दुष्कृतम्।'[૧૦] અર્થાત્ 'હે સંજય ! મેં પૂર્વે કોઈ દુષ્કૃત્ય કર્યું હોય તેવું મને યાદ નથી. છતાં મારા પુત્રો કેમ હણાયા ?'

ધૃતરાષ્ટ્રને કેવળ બાહ્યચક્ષુનો જ નહીં, પરંતુ અંતઃચક્ષુનો પણ અભાવ હતો. એટલે જ દુર્યોધનના પ્રત્યેક કપટ-કાર્યમાં મૂક સંમતિ અને સહકાર આપનાર, કપટી દુર્યોધનનો પિતા ધૃતરાષ્ટ્ર પોતાની એક પણ ભૂલને જોઈ શકતો ન હતો.

આ વાક્યનું રાજ આજે પણ વધતા-ઓછા અંશે ચાલી રહ્યું છે. વિદ્યાર્થી શિક્ષક પર આરોપ મૂકે તો શિક્ષક વિદ્યાર્થીને નીંદે, પતિ પોતાની પત્નીનો વાંક કાઢે તો પત્ની પોતાના પતિના હજાર દોષ ચીંધે, મજૂર ઉદ્યોગપતિને શોષક કહે તો ઉદ્યોગપતિ મજૂરની મહેનતને ખોટી કરી બતાવે.

જીવનમાં કંઈક ખૂટે છે એ તો સૌ અનુભવે છે; પણ શું ખૂટે છે, એ ખબર પડતી નથી. અંતરમાં અશાંતિ રહે છે, એવો તો બધાનો અનુભવ છે; પણ તેના માટે જવાબદાર કોણ, એ ખબર પડતી નથી. એટલે જ પ્રત્યેક વ્યક્તિ સમાજને વ્યક્તિગત રીતે આ જ પ્રશ્ન પૂછે છે: 'મારી ભૂલ શું ? મને અન્યાય શા માટે ?' અને પછી પોતે જ ન્યાય તોળી દે છે: 'મેં તો સારું જ કર્યું છે.' સારપનું ડિમડિમ વગાડતો પોતાનાં જ કાર્યોને બિરદાવતો ફરે છે.

જ્યાં સુધી વ્યક્તિને પોતાનામાં ભૂલ હોઈ શકે એમ મનાતું નથી, ત્યાં સુધી એને પોતાની ભૂલ દેખાતી નથી. જ્યાં સુધી પોતાની ભૂલ દેખાતી નથી, ત્યાં સુધી એને સુધારવાનો પ્રયત્ન થતો નથી. આથી, ભૂલનું પુનરાવર્તન થતું જ રહે છે અને વ્યક્તિ જીવનમાં આગળ વધી શકતી નથી. એના જીવનમાં

---

૧૦. મહાભારત : સ્ત્રીપર્વ/૧/૧૭

સફળતાની ભ્રાંતિમાત્ર જ રહે છે. આવી વ્યક્તિને કોઈ શિખામણ પણ અડતી નથી. એ બરબાદ થઈ જવાનું પસંદ કરે, પરંતુ સાચા હૃદયે પોતાની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરી શકતો નથી.

યોગીજી મહારાજે આવું ઉદાહરણ આપતાં એક વાર વાત કરી હતી કે 'શ્રીજીમહારાજ પુરુષોત્તમ હતા. દૃષ્ટિએ દોષ ટાળી નાખે તેવા હતા, છતાં અલૈયાનો સ્વભાવ કેમ ન ગયો? વળી, સાધુઓ પણ ઘણા હતા. મહારાજે દીક્ષા આપેલી. ગોતીતાનંદ, રોળાનંદ, નિર્વિકલ્પાનંદ એવા ઘણા હતા, પણ તેનાય સ્વભાવ ન ગયા. તેમનો અસુરભાવ ઝળકાઈ ગયો. સ્વભાવને દબાવી રાખ્યા હોત તો નભી જાત. આનો ઉત્તર ઈ કે સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ નારાયણ ભેગા તે બધા રહ્યા, પણ પોતાનો અવગુણ ન લીધો. પોતાના સ્વભાવનો ગુણ લીધો.'[૧૧]

સાર એ છે કે ભગવાન તો જ કૃપા કરે છે કે અંતર્દષ્ટિ કરીને વ્યક્તિ પોતાના અવગુણોને ઓળખીને ભૂલ કબૂલે.

પોતાની ભૂલ ઓળખવી એ કઠણ કામ છે, પણ એ પાયાનું કાર્ય છે. ભૂલ ઓળખ્યા વિના એના સર્વ પુરુષાર્થ મૃગજલીય સફળતા તરફ દોડે છે. જાવું છે દ્વારકા અને જાય છે દીવ. આ તે કેવો પુરુષાર્થ? વિપરીત દિશામાં જેટલી વધુ ઝડપ તેટલું વધુ નુકસાન.

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પોતાની ભૂલ જોનારને વિવેકી કહ્યો છે (ગ.પ્ર. ૬, ૧૬), એને જ બુદ્ધિશાળી ગણ્યો છે (ગ.પ્ર. ૩૦, પં. ૩), એને જ સારો કહ્યો છે (ગ.અં. ૩૫).

યોગીજી મહારાજ કહેતા: 'કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને ગમે, જેથી આપણે સુધરાય.'

દરેક પ્રસંગે પોતાની ભૂલ જોવી એ મોટાની રીત છે. આફ્રિકાથી એક હરિભક્ત યોગીજી મહારાજ માટે પાર્કર પેન લાવ્યા હતા. યોગીજી મહારાજ પેન આડી રાખીને લખે, અને વળી પેન નવી, આથી કાગળ ફાટી ગયો.

સેવક કહે: 'બાપા! આ પેન ખરાબ છે, કાગળ ફાડે છે.'

ત્યારે યોગીજી મહારાજ કહે: 'ગુરુ! પેન તો સારી છે. ૩૦૦ રૂપિયાની છે! પણ આપણને વાપરતાં નથી આવડતું.'

---

૧૧. યોગીવાણી: ૫/૧૫.

મોટાપુરુષો બીજાની ભૂલ બતાવવા કરતાં પોતાનામાં જ ભૂલ શોધતાં શીખ્યા છે.

સ્વયં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ, કે જેઓની પ્રત્યેક ક્રિયા અનંત જીવોના કલ્યાણ માટે જ છે, જેઓના જીવનમાં ભૂલની કોઈ સંભાવના જ નથી તેઓ પણ પોતાના વર્તન દ્વારા અન્યને ઉપદેશ આપતાં જણાવે છે કે –

"અમારાથી તો એક ગરીબ પણ દુખાયો હોય તો અમારા અંતરમાં એવો વિચાર આવે છે જે, 'ભગવાન સર્વાંતર્યામી છે; તે એક ઠેકાણે રહીને સર્વેના અંતરને જાણે છે. માટે જેને અમે દુખવ્યો તેના જ અંતરમાં વિરાજમાન હશે. ત્યારે અમે ભગવાનનો અપરાધ કર્યો.' એમ જાણીને તેને પગે લાગીને તેને કાંઈક જોઈતું હોય તે આપીએ, પણ જે પ્રકારે તે રાજી થાય તેમ કરીએ છીએ." (વચ. ગ.મ. ૨૭)

યોગીજી મહારાજ ઘણી વાર બીજાની ભૂલ પોતાને માથે લઈ લેતા.

એક વાર શરદ પૂર્ણિમાના સમૈયાની તૈયારીમાં ભંડારમાં સેવા કરતા સાધુ બળદેવચરણદાસથી ઉતાવળમાં ઘીનું પાત્ર ઢોળાઈ ગયું. તે તો બીચારા હાંફળા-ફાંફળા થઈ ગયા. મંદિરની સ્થિતિ સારી નહીં અને આ સમૈયા પ્રસંગે જ ઘી ઢોળાઈ જવાથી બીજું ઘી લાવવાનો પ્રશ્ન ઊભો થશે, એમ જાણી તેઓ વધારે મૂંઝાયા. આ વખતે જ ત્યાં નિર્ગુણદાસ સ્વામી આવ્યા.

નિર્ગુણદાસ સ્વામીને સત્સંગનું મમત્વ ઘણું જ. વળી, સ્વભાવ પણ સહેજ આકરો, એટલે સહેજ પણ બગાડ ચલાવી ન લે. તેમણે પેલા સંતનો ઊધડો લઈ લીધો. સાધુ કાંઈ બોલી ન શક્યા.

નિર્ગુણ સ્વામીનો અવાજ સાંભળીને યોગીજી મહારાજ કોઠારમાંથી બહાર આવ્યા અને ક્ષણવારમાં પરિસ્થિતિ કળી ગયા. તેઓ બોલ્યા : 'સ્વામી ! એમાં એ સાધુનો વાંક નથી. મારાથી જ બોઘરણાને ઠેસ વાગી ગઈ ને ઘી ઢોળાઈ ગયું.' યોગીજી મહારાજે પેલા સાધુની ભૂલ ખૂબ જ સહજતાથી પોતાને માથે લઈ લીધી.

નિર્ગુણ સ્વામીએ યોગીજી મહારાજને પણ સહેજ ઠપકો આપ્યો : 'તો જરા ધ્યાન દઈને ચાલવું જોઈએ ને તમારે !' તેઓ હાથ જોડીને ઊભા હતા. નિર્ગુણ સ્વામી થોડું બોલીને ત્યાંથી ચાલ્યા ગયા.

બીજાનો ઠપકો સહન કરીને પણ યોગીજી મહારાજ અન્યની ભૂલ પોતે

સ્વીકારી લેતા.

'જેવા મેં નીરખ્યા રે' પુસ્તકમાં પ્રેમપ્રકાશદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ વિષેનો સ્વાનુભવ નોંધ્યો છે.

સેવા કરવામાં એક બાબતમાં તેમની ભૂલ થવાથી પ્રમુખસ્વામી મહારાજે તેમને સમજાવીને મીઠો ઠપકો આપ્યો હતો. વળી, યોગીજી મહારાજની રુચિ મુજબ ઉપવાસ કરવાનું પણ તેમને કહ્યું હતું. આ વાતને બે દિવસ થઈ ગયા પછી વાર્તાલાપ દરમ્યાન એકાએક કિશોરવયના પ્રેમપ્રકાશદાસ સ્વામી સમક્ષ પ્રમુખસ્વામી મહારાજે પોતાના બે હાથ જોડી દીધા અને પોતાની આંખે અડાડીને તેમને કહ્યું: 'માફ કરજે. તે દિવસે તને કહ્યું, ખોટું તો નથી લાગ્યું ને? તને ઉપવાસ કરાવ્યો, તકલીફ પડી હશે.'

પ્રેમપ્રકાશદાસ સ્વામી તો વિચારમાં પડી ગયા કે આ શું?... દુઃખ લાગે તે રીતે સ્વામીશ્રીએ કાંઈ કહ્યું જ નહોતું. અને કહ્યું હોત તો પણ તેમનો અધિકાર હતો! પ્રમુખસ્વામી મહારાજે પોતાની ભૂલ થયા વિના જ ભૂલને સ્વીકારી લીધી અને તે માટે માફી પણ માગી લીધી.

આવા સદ્ગુણનાં દર્શન મહંત સ્વામી મહારાજમાં પણ થાય છે.

૨૦૦૧ના વર્ષમાં યુ.એસ.એ.થી બાળકો અને કિશોરો ભારતયાત્રાએ આવ્યા હતા. તેઓની એક સભામાં મહંત સ્વામી મહારાજે પ્રવચન કરવાનું હતું. તેનો વિષય હતો: 'માય ફ્રેન્ડ પ્રમુખસ્વામી મહારાજ.'

મહંત સ્વામી મહારાજની વિશેષતા એ છે કે જે વિષય આપવામાં આવે તેને પૂરેપૂરો ન્યાય મળે તે માટે તેના પર ખૂબ મનન અને ઊંડા વિચાર કરે. આ પ્રવચનમાં પણ તૈયારી કરવા માટે તેઓ ખાસ નડિયાદ પધાર્યા. વિશિષ્ટ રજૂઆત માટે ચિત્રકારને બોલાવી ચિત્ર તૈયાર કરાવ્યાં, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન પણ બનાવડાવ્યું. વ્યવસ્થાપક સંતોને બોલાવીને બાળકોનું માનસ જાણ્યું.

બોચાસણમાં તેઓએ પ્રવચન કરવાનું હતું. મહંત સ્વામી મહારાજે પ્રવચનની શરૂઆત કરી. પણ યાત્રા કરીને આવેલા કિશોરો-બાળકો ખૂબ થાકી ગયા હતા. વળી, અહીં તેમને માટે બધું નવું હતું અને પ્રવચન થોડું વધારે લાંબું થયું, તેથી કેટલાક બાળકો તો પગ લાંબા કરીને સૂઈ પણ ગયા! આમ છતાં મહંત સ્વામી મહારાજે પ્રવચન કરવાની પોતાની ભક્તિ અદા

કરી. અહીંથી તરત જ તેઓ અટલાદરા પધાર્યા. પણ તેઓના મનમાં રહી ગયું હતું કે બાળકોને માટે આ પ્રવચન દ્વારા બરાબર રીતે સંદેશ આપી શકાયો નથી. તો તેઓએ ત્યાંથી માફી માગતો એક પત્ર બાળકો પર લખી મોકલ્યો. તે પત્રના અંશો અહીં પ્રસ્તુત છે :

'I really regret that I was unable to explain to you what I had in my mind. That was sort of punishment for you. My lectures are never so long. This was my first trial and therefore time was not balanced. Next time it won't happen. Sorry. Pardon me. Your's SKS. જય સ્વામિનારાયણ.'

(હું ખરેખર દિલગીર છું કે મારા મનમાં જે હતું તે તમને સમજાવી ન શક્યો. તે તમારા માટે સજા જેવું હતું. મારાં પ્રવચનો ક્યારેય આટલાં લાંબાં હોતાં નથી. આ મારો પ્રથમ પ્રયત્ન હતો તેથી સમય ન જળવાયો. આગળ આવું નહીં થાય. મને માફ કરજો. આપનો સાધુ કેશવજીવનદાસ. જય સ્વામિનારાયણ.)

લાખોના ગુરુપદે બિરાજમાન હોવા છતાં ક્ષતિ વિના ક્ષમા માગવાની તેઓની રીત આજે પણ સૌને પ્રેરણા આપતી રહે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અંતર્ધાન થયા ત્યારબાદ તા. ૧૮-૮-૨૦૧૬ના દિવસે સ્વામીશ્રીએ સવારે પ્રાતઃપૂજા બાદ પારાયણના યજમાન તરીકે મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તોને વ્યક્તિગત આશીર્વાદ આપ્યા. સંખ્યા વધુ અને સમય ઓછો હોવાથી હરિભક્તો ઝડપથી આવતા જતા હતા. જ્યારે મહંત સ્વામી મહારાજે સભામાં આશીર્વચન ઉચ્ચાર્યાં ત્યારે સમયની કટોકટીને પોતાની ભૂલ તરીકે ગણાવતાં તેઓ બોલ્યા : 'હમણાં બધા ઝડપથી આવ્યા... ગયા, એટલે કોઈને અવિવેક થયો હોય, દુભાયા હોય તો માફ કરજો.'

પોતાની ભૂલ ન હોવા છતાં આ ગુણાતીત સત્પુરુષોએ તેનો સહર્ષ સ્વીકાર કરી લીધો છે.

હવે આપણને જો પોતાની ભૂલ હોવા છતાં ઓળખાતી ન હોય તો તેના માટે એક આધ્યાત્મિક દર્પણ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- "જ્યારે પોતાની ખોટ્ય કાઢવી હોય ત્યારે તેને મોટાઓનાં વચનની સાખ્ય લઈને કાઢવી. જેમ કોઈક વ્યાવહારિક કામ હોય ને તે

કામને અતિશય સિદ્ધ કરવું હોય, ત્યારે સારા સારા માણસની સાયદી કરવી. તેમ અહીં પણ એ સાયદી છે જે, શુકદેવજી બ્રહ્મસ્વરૂપ થયા હતા તો પણ અતિ પ્રીતિએ કરીને શ્રીમદ્ભાગવત ભણ્યા અને આજ દિવસ સુધી પણ ભગવાનની ભક્તિને જ કરે છે. અને શૌનકાદિક અઠ્યાશી હજાર ઋષિ તે બ્રહ્મસ્વરૂપ છે તો પણ સૂતપુરાણીના મુખ થકી ભગવાનની કથાને સાંભળે છે. એવી જાતનાં વચનની સાખ્ય ભક્તિની દૃઢતાને અર્થે લેવી. અને જે ખોટ્ય પોતાના જાણ્યામાં ન આવતી હોય તેની કોરની ભગવાનને આગળ પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ! મારામાં જે જે ખોટ્ય હોય તે કૃપા કરીને નાશ કરજ્યો.' જેમ કોઈક પુરુષને માથે કલંક આવ્યું હોય ને તે કલંક ટાળ્યાનો કોઈ સાયદી ન હોય, ત્યારે તે લોઢાનો ગોળો રાતોચોળ હોય તેને ઉપાડીને પોતાનું કલંક ટાળે છે; તેમ જે દોષ ન ઓળખાતો હોય, ત્યારે તે દોષ ટાળવાને અર્થે ભગવાનની સ્તુતિ કરવી, એ તે લોઢાનો ગોળો ઝાલ્યા જેવી છે. એમ કરીને પોતાની ખોટ્યને ટાળવી.'' (વચ. ગ.મ. ૬૬)

મહંત સ્વામી મહારાજ પણ કહે છે: 'પોતાની ભૂલ જોવી હોય તો વચનામૃત અને સ્વામીની વાતોને પૂછજો.'

સત્પુરુષોનું જીવન આદર્શ છે. તેઓની સામે દૃષ્ટિ કરતાં કરતાં અંતર્દૃષ્ટિ થાય છે અને ભવસાગર પાર પહોંચી જવાય છે.

નિષ્કપટપણું

પોતાની કાંઈક ભૂલ થઈ હોય અથવા પોતાના મનમાં કોઈક હઠીલા સંકલ્પનું જોર રહ્યા કરતું હોય ત્યારે તેને અંતર્દૃષ્ટિ દ્વારા ઓળખીને, સત્પુરુષ સમક્ષ તેની કબૂલાત કરવી તેને નિષ્કપટપણું કહેવામાં આવે છે. પોતાની ભૂલ ન ઓળખાય તેને મૂઢતા કે અજ્ઞાન કહે છે તથા પોતાની ભૂલ ઢાંકવાનો પ્રયત્ન થાય તેને કપટ કહેવાય છે.

ભગવાન સ્વામિનારાયણ આ સંબંધી વાત કરતાં કહે છે:

■ ''પંચ વર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાથી વિચારે કરીને ટળતી ન હોય, તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત

તેને આગળ કહેવું; અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવો; તથા ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો; ત્યારે તે નિષ્કપટ કહેવાય. અને એ માંહેલો સંકલ્પ થયો હોય ને તેને જે સંતની આગળ ન કહે તેને કપટી જાણવો.'' (વચ. લો. ૫)

જેવી રીતે પોતાની ભૂલ ન જોનારની ખામી ટળતી નથી, તે જ રીતે તેને ઢાંકનાર કપટી પણ સુધરી શકતો નથી. આથી ભૂલોને જાણીને યોગ્ય સ્થાને તેની રજૂઆત કરવાથી તેમાં સુધારો થાય છે.

વચનામૃતમાં આ બાબતે એક વિવેક શીખવતાં સમજાવ્યું છે કે આપણા દોષની જાહેરાત જ્યાં-ત્યાં કરતા રહેવાનું નથી. જો કુપાત્ર વ્યક્તિ પાસે ખામીઓનું ઉદ્‌ઘાટન કરી બેસીએ તો પ્રશ્નો દૂર થવાને બદલે નવા ઘણા પ્રશ્નો ઊભા થઈ શકે છે. આથી યોગ્ય વ્યક્તિ પાસે જ ભૂલનો એકરાર કરવાની વાત સમજાવતાં વચનામૃત કહે છે :

- ''જે પોતાના મનમાં ભૂંડા ઘાટ થતા હોય તે કહેવા, પણ જેમ 'કૂતરાનું મુખ કૂતરો ચાટે' તથા 'સર્પને ઘેર પરોણો સાપ, મુખ ચાટીને વળિયો આપ' તથા રાંડીને પાસે સુવાસિની સ્ત્રી જાય ત્યારે તે કહે જે, 'આવ બાઈ, હું જેવી તું પણ થા'; તેમ પોતાની પેઠે જેને ભૂંડા ઘાટ થતા હોય તેની આગળ જે ઘાટ કહેવો તે તો આ દૃષ્ટાંત દીધાં એમ છે. માટે ઘાટ કેને કહેવો ? તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવો. અને એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય; તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે, તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે તે જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી જાય ત્યાં સુધી બેઠતો-ઊઠતો, ખાતો-પીતો સર્વ ક્રિયામાં વાત કર્યા કરે અને તેના ઘાટ ટાળ્યામાં કેવી ચાડ હોય ? તો જેમ પોતાના ઘાટને ટાળ્યાની ચાડ હોય તેવી હોય, એવા આગળ ઘાટ કહેવો. અને જેની આગળ ઘાટ કહીએ ને તે આવી રીતે વાત તો ન કરે ને પોતે આળસુ હોય તો શો સમાસ થાય ? માટે એવી રીતે પોતાના મનનો ઘાટ કહીને તે ઘાટને ટાળી નાંખીને પોતાના મનને વિષે કેવળ

ભગવાનના ઘાટ કર્યા કરવા ને જગતના સુખથી નિર્વાસનિક થવું.'' (વચ. ગ.પ્ર. ૩૮)

ઉપરોક્ત વચનામૃતમાં વર્ણવ્યા પ્રમાણેના સંત તો અક્ષરબ્રહ્મ સત્પુરુષ છે. વળી, એવા સત્પુરુષના ગુણોને જેણે પોતાના જીવનમાં કેળવ્યા હોય એવા મહાન સંત પણ નિષ્કપટ થવા માટેનું યોગ્ય સ્થાન ગણવામાં આવ્યું છે. આવા સંત પાસે પોતાના દોષો પ્રસ્તુત કરી દેવાથી સાધકના અંતરમાં રહેલો દોષોનો ભાર હળવો બની જાય છે. હવે પોતે સ્વભાવોને જીતી શકશે એવી આશા તેને બંધાય છે તથા સ્વભાવોને જીતવાનો વિચાર હૃદયમાં ઠરે છે. આ પ્રકારની સાધનાથી ભગવાન અને સંત સાથે અંતરાય ટળી જાય છે અને તેઓ સાથે પ્રીતિ વધે છે. વળી, ભગવાન અને સંતને આપણામાં વિશ્વાસ પણ આવે છે.

વચનામૃત આદિક ગ્રંથોમાં નિષ્કપટપણાનો ખૂબ મહિમા કહેવામાં આવ્યો છે. તેનાથી સ્વભાવો દૂર થાય છે, સાધનામાર્ગમાં આગળ વધવાનું બળ મળે છે અને એમ કરતાં કરતાં સત્પુરુષની કૃપાથી સર્વોત્કૃષ્ટ સ્થિતિ સુધી પણ પહોંચી શકાય છે. શ્રીજીમહારાજ કહે છે:

- ''સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે પણ તેને ઘાટની તથા રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહીં. અને જો નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો એ મલિન ઘાટનો નાશ થાય છે.'' (વચ. ગ.પ્ર. ૩૦)
- ''પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે... તો એની ઉપર મોટા સંત રાજી થાય છે.'' (વચ. ગ.પ્ર. ૫૮)
- ''જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનનાં ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે.'' (વચ. પં. ૭)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે: 'મોટા પાસે નિષ્કપટ થાવામાં બહુ લાભ છે. તે એક જણને રૂપ દેખાઈ ગયું તેનો આકાર બંધાઈ ગયો. પછી તેણે મોટા સંત પાસે કહ્યું, ત્યારે તે સંતે મહારાજની સ્તુતિ કરીને ટાળી નાખ્યું.' (સ્વા.વા.: ૨/૨૭)

'નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ, એ સિદ્ધાંત વાત છે.' (સ્વા.વા. : ૩/૩૩)

એક વાર કામરોળના દાજીભાઈ દરબાર સરકારી કામ પ્રસંગે જૂનાગઢ આવ્યા. અહીં તેઓએ સ્વામિનારાયણ મંદિરમાં ઉતારો કર્યો. મંદિરમાં રોકાણ દરમ્યાન તેઓને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો ભેટો થઈ ગયો. સ્વામી જે સમયે કથા કરતા હતા ત્યારે દરબાર સભામાં આવીને બેઠા.

ગુણાતીતાનંદ સ્વામીએ દરબારને ગુરુ કરવા સંબંધી ઉપદેશ આપ્યો. સ્વામીની વાતોથી દરબારને ખૂબ ગુણ આવ્યો અને ગુણાતીતાનંદ સ્વામીને જ ગુરુ તરીકે સ્વીકારી લીધા. સ્વામીએ દરબારને સ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્સંગીમાત્રએ પાળવાના પંચવર્તમાન[૧૨] સમજાવ્યા અને તેઓને પણ આ વર્તમાન પાળવાનું કહ્યું.

દરબારે પોતાના અંતરને ખોલીને નિષ્કપટ થતાં કહ્યું: 'સ્વામી! મેં યુવાનીમાં ચકલાંની જીભ અને તાંબાની ભસ્મ ખાધી છે. તેને કારણે કામવાસનાની પ્રબળતા રહે છે. આથી બીજાં ચાર વર્તમાન તો પળાશે, પરંતુ વ્યભિચાર છોડવાનું વર્તમાન પાળી શકાશે નહીં.'

દાજીભાઈનાં આવાં નિષ્કપટ વચનો સાંભળીને સ્વામી પ્રસન્ન થઈ ગયા. સ્વામી બોલ્યા: 'એ વર્તમાન અમે પળાવીશું.' એમ કહીને વળી બોલ્યા: 'દરબાર! અમારી સામું જોઈને પાંચ માળા ફેરવો.' સ્વામીની આજ્ઞાથી દાજીભાઈએ તેઓ સામી દૃષ્ટિ સાંધીને પાંચ માળા ફેરવી, ત્યાં તો સ્વામીએ દરબારની આંખમાંથી કામ ખેંચી લીધો.

સાચા સંત પાસે હૃદય ખુલ્લું કરી દેવાથી તેઓ આપણા હૃદયની મલિનતા ટાળી નાંખે છે. એટલે જ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં આધારાનંદ સ્વામી કહે છે: 'નિષ્કપટપણું એ તો અમૃત જેવો ગુણ છે.'[૧૩]

---

૧૨. સ્વામિનારાયણીય પાંચ વર્તમાન – દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો અને શાસ્ત્રનિષિદ્ધ આહાર કરવો નહીં ને કરાવવો નહીં.

૧૩. પુરુષોત્તમ બોલ્યા પ્રીતે: પૃ. ૪૩૫

અંતર્દૃષ્ટિ અને મહિમાની જુગલબંધી

જ્યારે કોઈ મુમુક્ષુ શુદ્ધ હૃદયે પોતાની ખામીઓનો સ્વીકાર કરે ત્યારે પોતે કરેલા અનેક અપરાધોની સૂચિ પોતાની નજર સમક્ષ તરવરવા માંડે છે. 'માણસમાત્ર ભૂલને પાત્ર' – એ ન્યાયે, જ્યાં સુધી જીવ બ્રહ્મરૂપ ન થાય ત્યાં સુધી જાણે-અજાણે અસંખ્ય ભૂલો કરી બેસે છે. અનાદિ કાળથી જીવ સાથે વળગેલી માયાનો પ્રભાવ એવો જબ્બર છે કે પોતાની ભૂલોને જાણવા છતાં તેને અલ્પ કાળના પ્રયાસમાં ટાળી શકતો નથી. પોતાના સ્વભાવને ટાળવા માટે મુમુક્ષુએ લાંબા સમય સુધી ખૂબ જ ધીરજ અને શ્રદ્ધા રાખવી પડે છે. જ્યારે સાધકને સ્વભાવોના આવેગમાં એકની એક ભૂલ વારંવાર થવા માંડે, અને તેને જાણવા છતાં જો તે દૂર ન કરી શકે તો ધીરજ અને શ્રદ્ધાના અભાવે તે ક્યારેક હિંમત હારી બેસે છે.

જો વ્યક્તિ પોતાની ભૂલ જ ન સ્વીકારે તો 'આંખ આડા કાન કર્યા' જેવી શાહમૃગવૃત્તિનું પોષણ થાય છે,[૧૪] અને જો માત્ર પોતાની ભૂલ તરફ જ દૃષ્ટિ રાખીને તેને ટાળવાનો યોગ્ય ઉપાય ન કરે તો તે ભૂલના ભાર તળે દબાઈ જાય અને જીવનમાં હિંમત જ હારી જાય.

---

૧૪. જેમ શાહમૃગની પાછળ કોઈ શિકારી પ્રાણી દોડતું હોય તો પોતાના શરીરની જેટલી ક્ષમતા હોય તેટલું તે દોડવા પ્રયત્ન કરે, પરંતુ જ્યારે તેને છટકવાનો ઉપાય ન સૂઝે ત્યારે તે પોતાની આંખોને બંધ કરી મોઢું જમીનમાં ખોસી દે છે. તેને એમ લાગે છે કે મને શિકારી પશુ દેખાતું નથી; પરંતુ શિકારી પશુ તો તેને સ્પષ્ટપણે જોતું જ હોય છે. અંતે શિકારી પશુ તેનો કોળિયો કરી જાય છે. આને શાહમૃગવૃત્તિ કહેવાય.

આથી જ વચનામૃતમાં અંતર્દષ્ટિથી પોતાની ભૂલ તપાસવાની સાથે, તે ભૂલનો નિકાલ કરવાનો ઉપાય પણ બતાવવામાં આવ્યો છે. અંતર્દષ્ટિ એ રોગનું નિદાન છે, જ્યારે મહિમાનો વિચાર એ તેની સારવાર છે. મેલેરિયાનાં જંતું પોતાના શરીરમાં પ્રવેશ્યાં છે કે નહીં એ તપાસ કરવી એ તેનું નિદાન છે, નિદાનથી રોગ પકડાય છે, પરંતુ ત્યારપછી તેની સારવાર કરવાથી જ રોગ નાબૂદ થાય છે.

અંતર્દષ્ટિથી આપણી ભૂલોનું નિદાન કર્યા બાદ તેનો નાશ કરવા માટે વચનામૃતમાં 'મહિમાનો વિચાર' મુખ્ય ઉપાય તરીકે સમજાવ્યો છે.

આ મહિમાના વિચારને ત્રણ પ્રકારે સમજીએ –

૧. પ્રાપ્તિનું પૂર્ણકામપણું,
૨. સત્પુરુષ સાથે પોતાની સરખામણી અને
૩. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન.

૧. પ્રાપ્તિનું પૂર્ણકામપણું

પ્રાપ્તિ એટલે લાભ. મનુષ્યદેહે કરીને સર્વોપરી પરમાત્માની પ્રત્યક્ષ પ્રાપ્તિ થવી તે સર્વોત્કૃષ્ટ લાભ છે. ભગવાન સર્વગુણસંપન્ન, સર્વદોષે રહિત અને સર્વ સુખના નિધાન છે. તેઓને પામ્યા પછી બીજું કાંઈ જ પામવાનું બાકી રહેતું નથી. આવા ભગવાનને પામીને ભક્ત પોતાના હૃદયમાં કેફનો અનુભવ કરવા માંડે કે 'અહો! મારાં અતિ અતિ મોટાં ભાગ્ય છે કે મને સર્વોપરી પરમાત્મા પ્રત્યક્ષ મળ્યા છે. અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મને સાક્ષાત્ પામીને હું ધન્ય થયો છું. દેહ મૂકીને જેઓને પામવા છે તે તો મને દેહ છતાં જ મળી ગયા છે. હવે મારે બીજું કાંઈ જ પામવાનું બાકી રહ્યું નથી. હું કૃતાર્થ થયો છું, પૂર્ણકામ થયો છું.' આવા પ્રાપ્તિના કેફનો અનુભવ એ જ પૂર્ણકામપણું.

શ્રીજીમહારાજે અંતર્દષ્ટિની સાથે પ્રાપ્તિના બળથી પોતાને પૂર્ણકામ માનવાની વાત સમજાવતાં કહ્યું છે:

- "પોતાને વિષે પૂર્ણકામપણું સમજવું જે, 'હવે મારે કાંઈ ન્યૂનતા રહી નથી;' એમ સમજીને નિરંતર ભગવાનની ભક્તિ કરવી. અને તે સમજણ્યને કેફે કરીને છકી પણ જવું નહીં અને પોતાને

અકૃતાર્થપણું પણ માનવું નહીં. અને જો અકૃતાર્થપણું માને તો એની ઉપર જે એવી ભગવાનની કૃપા થઈ તે જાણીએ ખારાપાટમાં બીજ વાવ્યું તે ઊગ્યું જ નહીં અને જો છકી જઈને જેમ-તેમ કરવા લાગે તો જાણીએ અગ્નિમાં બીજ નાખ્યું તે બળી ગયું. માટે અમે કહ્યું તેમ જે સમજે તેને કોઈ પ્રકારની ન્યૂનતા રહે નહીં.'' (વચ. ગ.પ્ર. ૨૫)

આમ, કેવળ પોતાની ખામી જોવાથી અંતરમાં અપૂર્ણપણું મનાવાની શક્યતા છે તથા કેવળ મહિમાનો વિચાર કરવાથી ખોટા કેફથી છકી જવાની શક્યતા રહે છે; પરંતુ જો આ બંને સાધનાની જુગલબંધી હોય તો સાધના સંપૂર્ણ બને છે.

પ્રમુખસ્વામી મહારાજે નૂતન વર્ષના આશીર્વાદમાં જણાવેલું કે 'હંમેશાં અંતર્દષ્ટિ કરવી, જેથી પોતાના અવગુણ દેખાશે અને ખોટ ટળશે. તેમજ મહિમાનો વિચાર કરવાથી શાંતિ થશે.'

ગુણાતીતાનંદ સ્વામીએ પણ આપણને આ વિવેક શીખવ્યો છે. તેઓએ પોતાની વાતમાં જણાવ્યું છે: 'શિવજી મોહિની સ્વરૂપમાં મોહ પામીને વ્યાકુળ થઈ ગયા ને તે પછી અંતરમાં જોયું ત્યારે જાણ્યું જે, મારા સ્વામીની માયામાં હું મોહ પામું એમાં શું? એમ વિચાર કર્યો ત્યારે અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે દેશકાળ તો લાગે ખરો પણ જ્ઞાને કરીને તેનું દુઃખ મટે.' (સ્વા.વા.: ૧/૧૬)

ગુણાતીતાનંદ સ્વામી અહીં શિવજીના ઉદાહરણથી સમજાવે છે કે વાસનાની પ્રબળતાને કારણે કદાચ ક્યારેક ભૂલ કરી બેસાય, ત્યારે અંતર્દષ્ટિ સહિત નિષ્કપટભાવે પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરવાની સાથે સાથે, ભગવાનનો મહિમા સમજીને તેમનું બળ લઈને અંતરમાં શાંતિ પામવી, પરંતુ કેવળ ભૂલને જ પ્રધાન ગણીને દુઃખી રહેવું નહીં.

જો કોઈ ભક્ત આસક્તિની પ્રબળતાને કારણે નિયમ લોપી બેસે અને ત્યારબાદ સત્પુરુષની આજ્ઞાથી યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત પણ કરી લીધું હોય, છતાં પણ પોતાની કેવળ સાત્ત્વિક ભૂમિકાના આધારે માત્ર બળતરા જ કર્યા કરે અને ભગવાનનો મહિમા ન વિચારે, તો તેના અંતરમાંથી ગ્લાનિ ટળે નહીં.

સત્ત્વગુણને આધારે જો ભક્ત એવું માની બેસે કે 'ક્યારેય મારી ભૂલ

થવી જ ન જોઈએ;' તો એવો અહંકાર પણ એ ભક્તને વધુ ગ્લાનિ પમાડે છે, જેથી ભગવાન કે અક્ષરબ્રહ્મ સત્પુરુષ તેને ક્ષમા કરી દે, છતાં પણ પોતાના અહંકારથી પોતે પોતાને ક્ષમા ન આપી શકે. આવી ગ્લાનિથી તે ભક્ત કદાચ ભગવાન કે સંતમાંથી વિશ્વાસ ગુમાવી બેસે અથવા ભગવાનની ભક્તિમાંથી પાછો પડી જાય.

શ્રીજીમહારાજે આવા સમયે પણ મહિમાનો વિચાર અને ભક્તિ જાળવી રાખવાની વાત કરતાં કહ્યું છે:

- "પોતામાં કાંઈક અવગુણ હોય તો પણ પરમેશ્વરની કથા, કીર્તન તથા ભગવાનના સંત તે વિના ઘડીમાત્ર રહેવાય નહીં, અને પોતાનો અવગુણ લે ને સંતનો અતિ ગુણ ગ્રહણ કરે, અને ભગવાનની કથા-કીર્તન અને ભગવાનના સંતનો અતિ મહિમા સમજે. એવું જેને વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો." (વચ. ગ.પ્ર. ૬૩)
- "ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહીં ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો." (વચ. સા. ૪)

ઉપરોક્ત વચનોના આધારે આપણને એક વાત સમજાય છે કે અંતર્દષ્ટિથી પોતાની ભૂલને જોવાની સાથે સાથે, ભગવાનની પ્રાપ્તિના વિચારથી પૂર્ણકામ રહેવાથી જ આધ્યાત્મિક પ્રગતિ થાય છે.

૨. સત્પુરુષ સાથે પોતાની સરખામણી

અક્ષરબ્રહ્મ સત્પુરુષ એવા ગુરુ એ આપણા સાધના-માર્ગનો આદર્શ છે. તેઓની સામે જોઈ જોઈને જ આપણે આપણો ધ્રુવ કાંટો ગોઠવવાનો હોય છે. પ્રમુખસ્વામી મહારાજ આ બાબતે એક વાર બોલ્યા હતા:

'સત્પુરુષ જેમ વર્તે છે તેમ વર્તવું, સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું અને સત્પુરુષે જેમ પોતાનો દેહ ભક્તિમાર્ગમાં વાળ્યો છે તેવી રીતે આપણો દેહ ભક્તિમાર્ગમાં વાળવો.'

જ્યારે સત્પુરુષના વર્તન સામે આપણે દૃષ્ટિ કરીએ અને તેને આપણા

વર્તનની સાથે સરખાવીએ ત્યારે આપણા હૃદયમાં એક સાથે બે પ્રકારના ભાવો પ્રગટ થાય છે: એક તો સત્પુરુષનું અનંત કલ્યાણકારી સદ્‌ગુણોથી મહેકતું જીવન અને બીજું અનેક અવગુણોથી ખદબદતું એવું આપણું જીવન.

ઉપરોક્ત બંને પ્રકારના ભાવોને એકસાથે આપણા હૃદયમાં પ્રગટ કરવાની એક વિશિષ્ટ રીત બતાવતાં શ્રીજીમહારાજ સમજાવે છે:

- ''આમ સમજે તો મોટા સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. તે સમજ્યાની રીત કહીએ તે સાંભળો જે, જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઇચ્છતા નથી. અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી, માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટાપુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.'' (વચ. ગ.પ્ર. ૬૭)

ઉપરોક્ત વચનોમાં 'અનુતાપ' અને 'પરિતાપ' એમ બે શબ્દો વપરાયા છે. તાપ એટલે બળતરા. સાચી અંતર્દષ્ટિ કરવાના માર્ગમાં જ્યારે આધ્યાત્મિક પ્રગતિ કરવાનો તીવ્ર વિચાર અંતરમાં આવે એ જ બળતરા છે. 'અનુતાપ' અને 'પરિતાપ' શબ્દોથી પ્રથમ દૃષ્ટિએ એમ જણાય કે આવો તાપ જે મુમુક્ષુના હૃદયમાં પ્રગટ થાય તેને તે સતત બાળતો-દઝાડતો રહેતો હશે; પરંતુ આ તાપ સત્પુરુષના સંબંધે યુક્ત હોવાથી તે મુમુક્ષુને નહીં, પરંતુ તેના સ્વભાવોને જ બાળીને ભસ્મ કરી દે છે.

સત્પુરુષના સદ્‌ગુણોનો વિચાર કરતાં કરતાં અંતર્દષ્ટિ દ્વારા પોતાનું મૂલ્યાંકન કરીને અનુતાપ કરવાની વાત શ્રીજીમહારાજ અહીં સમજાવે છે. આ પ્રમાણે અહીં અંતર્દષ્ટિની સાથે સત્પુરુષના મહિમાની જુગલબંધી શીખવવામાં આવી છે.

૩. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન

પરમાત્માના સ્વરૂપને જેમ છે તેમ એટલે કે યથાર્થ જાણવું એનું જ નામ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન. આવું જ્ઞાન જ્યારે સાધકના હૃદયમાં દૃઢ થાય ત્યારે એવી અંતર્દષ્ટિ દ્વારા પોતે અંતરમાં નિહાળેલી પોતાની તમામ ભૂલો સમૂળી નાશ પામે છે.

ભગવાન સ્વામિનારાયણ આ વિષે જણાવે છે:

- "જ્યારે એ (પ્રત્યક્ષ પરમાત્માનું) સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહીં. અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં, સહજે જિતાઈ જશે." (વચ. ગ.મ. ૧૩)

મહંત સ્વામી મહારાજ પણ ઘણી વાર કહે છે કે મહુડાં જેમ ટપ ટપ ખરી પડે છે, તેમ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તો દોષો ખરી પડે છે.

ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપના જ્ઞાનથી તેઓની પ્રાપ્તિના આનંદની સાથે સાથે, તેઓની અનંત શક્તિના વિચારથી અંતરમાં પ્રચંડ બળ પણ પ્રગટ થાય છે.

અધ્યાત્મ-માર્ગે આગળ વધવા મથતો પ્રત્યેક સાધક એક યોદ્ધા છે. જેમ રાજાના શૂરવીર સૈનિક યુદ્ધમાં શત્રુઓના સૈન્ય સામે ઝઝૂમે છે, તે જ રીતે મુમુક્ષુ એ અંતઃશત્રુઓનો નાશ કરવા માટે આંતરયુદ્ધ કરનારો આધ્યાત્મિક સૈનિક છે.

શ્રીહરિ આ લડાઈનું વર્ણન કરતાં કહે છે:

- "આ આપણે છીએ તે જે દિવસથી સમજણા થયા અને માબાપની ઓળખાણ પડી તે દિવસથી માબાપે નિશ્ચય કરાવ્યો જે, 'આ તારી મા ને આ તારો બાપ, ને આ તારો કાકો ને આ તારો ભાઈ, ને આ તારો મામો ને આ તારી બેન, ને આ તારી મામી ને આ તારી કાકી, ને આ તારી માશી ને આ તારી ભેંશ, ને આ તારી ગાય ને આ

તારો ઘોડો, ને આ તારું લૂગડું ને આ તારું ઘર, ને આ તારી મેડી ને આ તારું ખેતર, ને આ તારાં ઘરેણાં;' ઇત્યાદિક જે કુસંગીના શબ્દ તે આ જીવની બુદ્ધિમાં રહ્યા છે... તે બુદ્ધિમાં એ કુસંગીના શબ્દ ને તેનાં રૂપ તે પંચવિષયે સહિત રહ્યાં છે; અને તે જીવને પછી સત્સંગ થયો ત્યારે સંતે પરમેશ્વરના મહિમાની ને વિષય-ખંડનની ને જગત મિથ્યાની વાર્તા કરી, તે સંતની વાર્તા ને તે સંતનાં રૂપ તે પણ એ જીવની બુદ્ધિમાં રહ્યાં છે. તે એ બે લશ્કર છે ને સામસામાં ઊભાં છે. જેમ કુરુક્ષેત્રને વિષે કૌરવ ને પાંડવનાં લશ્કર સામસામાં ઊભાં હતાં, ને પરસ્પર તીર ને બરછી ને બંદૂક ને તોપ ને જંજાળોની લડાઈ થતી હતી, અને કોઈક તરવારે લડતા હતા ને કોઈક ગદાએ લડતા હતા ને કોઈક બથોબથ લડતા હતા, ને તેમાં કોઈનું માથું ઊડી ગયું ને કોઈની સાથળ કપાઈ ગઈ, એમ કચ્ચરઘાણ ઊડતો હતો. તેમ આ જીવના અંતઃકરણમાં પણ જે કુસંગીનાં રૂપ છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે, અને વળી જે આ સંતનાં રૂપ છે તે પણ, 'ભગવાન સત્ય ને જગત મિથ્યા ને વિષય ખોટા,' એવા જે શબ્દ તે રૂપી શસ્ત્ર બાંધીને ઊભાં છે. અને એ બેને પરસ્પર શબ્દની લડાઈ થાય છે. તે જ્યારે કુસંગીનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા થઈ આવે છે ને જ્યારે આ સંતનું બળ થાય છે ત્યારે વિષય ભોગવ્યાની ઇચ્છા નથી થતી; એમ પરસ્પર અંતઃકરણમાં લડાઈ થાય છે.'' (વચ. ગ.પ્ર. ૭૦)

લૌકિક અને આધ્યાત્મિક એમ બંને સૈનિકો વચ્ચે તફાવત એ છે કે રાજાના સૈનિકને અમુક સમય પૂરતું જ યુદ્ધમાં જોડાવાનું હોય છે, જ્યારે સાધના કરનારે તો અંતઃશત્રુઓ સામે સતત ઝઝૂમવું પડે છે.

એટલે જ મુક્તાનંદ સ્વામી કહે છે :

'શૂરને એક પળ કામ આવી પડે, મરે કાં મોજ લઈ સુખ પામે;
સંત સંગ્રામથી પળ ન પાછો હટે, મન દમવા તણે ચઢે ભામે.'

વળી, આ લડાઈમાં જે શત્રુઓ સામે ઝઝૂમવાનું છે તેની સંખ્યા અબજો અબજો કરતાં પણ વધુ છે, તેમજ એક-એક શત્રુ મોટા મોટા મહારથીઓને પણ ભારે પડે એવો છે. મુક્તાનંદ સ્વામી તેનું વર્ણન કરતાં કહે છે :

'મોહનું સૈન્ય મહા વિકટ લડવા સમે, મરે પણ મોરચો નવ ત્યાગે;
કવિ ગુણી પંડિત બુદ્ધે બહુ આગળા, એ દળ દેખતાં સર્વ ભાગે.
કામ ને ક્રોધ મદ લોભ દળમાં મુખી, લડવા તણો નવ લાગ લાગે;
જોગિયા જંગમ ત્યાગી તપસી ઘણા, મોરચે ગયે ધર્મદ્વાર માગે.'

જે સંગ્રામમાં વર્ષો સુધી રાત-દિવસ સતત યુદ્ધ ચાલુ રહેવાનું હોય અને પળવાર માટે પણ વિરામ ન લેવાનો હોય તેમજ ભારે ખૂનખાર શત્રુઓનો સામનો કરવાનો હોય, તેમાં સતત બાહ્ય બળ અને હિંમતની જરૂર પડતી રહે છે. પરંતુ આધ્યાત્મિક સંગ્રામમાં લૌકિક યુદ્ધની જેમ બાહ્ય બળ જેવાં કે દૈહિક બળ, બૌદ્ધિક બળ, આર્થિક બળ, સૈન્ય બળ આદિક કોઈ પણ સહારો કાંઈ જ કામ લાગતો નથી. આ લડાઈમાં તો ભગવાન અને સંતના દિવ્ય આંતરિક બળનો જ એકમાત્ર આધાર રહે છે.

જ્યારે ભક્તના હૃદયમાં સાચા અર્થમાં પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ સમજાય છે ત્યારે તેને વિશ્વાસ આવી જાય છે કે 'મારા પક્ષમાં સાક્ષાત્ ભગવાન અને સંત છે. તેઓનું અનંત બળ મારા જીવમાં રહેલું છે. તેઓના ખોળામાં બેસીને જ મારે આ લડાઈ લડવાની છે. અરે! અક્ષરપુરુષોત્તમ મહારાજ જ મારા આત્મામાં રહીને જાણે શત્રુઓ સામે યુદ્ધ કરે છે! હવે તો આ શત્રુઓ સામેની લડાઈ મારા માટે ઉદ્વેગ કે ઉપાધિ નહીં, પરંતુ આનંદનો ઉત્સવ છે. મારે આ યુદ્ધરૂપી સેવા કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પ્રગટ ગુરુહરિને અતિ પ્રસન્ન કરવા છે. ભલે ગમે તેવા મોટા શત્રુ, ગમે તેવી મોટી સંખ્યામાં મારી સામે ઊભા હોય, છતાં એ તણખલાં જેવા મારું કાંઈ જ બગાડી શકશે નહીં. *'અર્વ નિખર્વ દળ એક સામા ફરે, તૃણને તુલ્ય તેહને જ જાણે.'* કારણ કે જેના પક્ષમાં ભગવાન અને સંત હોય તેનો વિજય નિશ્ચિત જ છે.'

ભગવાન સ્વામિનારાયણ પણ આ જ વાત દૃઢાવતાં કહે છે:

■ ''જેમ –

'યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।
તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ॥'

એ શ્લોકમાં કહ્યું જે, 'જ્યાં યોગેશ્વર એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે અને ધનુષના ધરતલ અર્જુન છે, ત્યાં જ લક્ષ્મી છે, વિજય છે,

ઐશ્વર્ય છે અને અચળ નીતિ છે.' તેમ જેની કોરે આ સંતમંડળ છે તેનો જ જય થશે એમ નિશ્ચય રાખવો.'' (વચ. ગ.પ્ર. ૭૦)

જ્યારે ભક્તને આવો દૃઢ નિશ્ચય થાય છે ત્યારે તે અંતઃશત્રુઓને સરળતાથી જીતી શકે છે.

આમ, અંતર્દષ્ટિને મહિમાની આંગળી પકડીને ચલાવવાથી અક્ષરધામના માર્ગે પુરપાટ ગતિ કરી શકાય છે.

આત્મારૂપ થઈને અંતર્દૃષ્ટિ

વચનામૃતમાં શ્રીહરિએ આપણને આપણા સાચા સ્વરૂપની ઓળખાણ કરાવી છે. વચનામૃત કહે છે :

આપણે દેહ નથી પરંતુ દેહમાં રહેનાર આત્મા છીએ (ગ.પ્ર. ૧૬, ૨૦). આ આત્મા સ્વરૂપ સ્વભાવથી શુદ્ધ છે (સા. ૧, કા. ૮, લો. ૧૦, પં. ૩), સચ્ચિદાનંદ-રૂપ છે (ગ.પ્ર. ૭૩), વળી, તેને અનાદિ કાળથી અહં-મમત્વરૂપી માયા વળગેલી છે (ગ.અં. ૩૯), તેનાથી તે અનંત જન્મો સુધી સંસારચક્રમાં ફસાયેલો રહે છે (ગ.પ્ર. ૨૧, ગ.અં. ૩૯).

ઉપરોક્ત વચનોના આધારે સ્પષ્ટ થાય છે કે જીવ તો તત્ત્વતઃ શુદ્ધ છે પરંતુ તેની સાથે વળગેલી માયાની અશુદ્ધિ તેને ચોંટી છે. આથી જો માયા દૂર થાય તો જીવ પોતાના શુદ્ધ સ્વરૂપે રહી શકે છે.

જેવી રીતે હીરો વિષ્ટામાં ખરડાયેલો હોય તો તે સ્વરૂપથી તો શુદ્ધ ગણાય પરંતુ વિષ્ટા વળગેલી હોવાના કારણે અશુદ્ધ ગણાય છે; જ્યારે વિષ્ટા તો સ્વરૂપતઃ અશુદ્ધ છે, તેની મલિનતા ક્યારેય ટળી જ ન શકે. શ્વેત વસ્ત્રને કોલસાની કાળાશ ચોંટી હોય તો તે મિટાવી શકાય છે, પરંતુ કોલસાને ગમે તેટલો ઘસીએ તો પણ તે ક્યારેય ઊજળો થાય તેવી શક્યતા જ નથી. તે જ રીતે સચ્ચિદાનંદરૂપ જીવ માયાથી ખરડાયેલો છે. જીવની આ માયા ટળી શકે છે.

આ માયાનું સ્વરૂપ સમજાવતાં વચનામૃત કહે છે :

- "દેહને વિષે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વબુદ્ધિ' એ

જ માયા છે.'' (વચ. ગ.અં. ૩૯)

- ''કારણ શરીર છે એ જીવની માયા છે. તે જ કારણ શરીર તે સ્થૂળ-સૂક્ષ્મરૂપે થાય છે; માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ જીવની માયા છે.'' (વચ. કા.૧૨)

ઉપરોક્ત બંને વચનોના આધારે કહી શકાય કે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરને વિષે અહંભાવ તથા તે સંબંધી જગતના પદાર્થમાં મમત્વભાવ એ માયા છે.

સ્થૂળ દેહને વિષે અહંબુદ્ધિ એટલે સ્થૂળ દેહને પોતાનું સ્વરૂપ માનવું તે. એટલે કે 'સ્થૂળ દેહ હું જ છું, સ્થૂળ દેહનાં સુખ-દુઃખ, માન-અપમાન, સગાં-સંબંધી વગેરે મારાં છે' એમ માનીને સુખી-દુઃખી થવું.

સૂક્ષ્મ દેહમાં અહંભાવ એટલે 'સૂક્ષ્મ દેહ હું જ છું' એમ માનવું. ઇન્દ્રિયો-અંતઃકરણની વિશેષતા કે ખામીને પોતાને વિષે માનવાં. દા.ત. હું બુદ્ધિશાળી કે મૂર્ખ, હું દેખતો કે આંધળો વગેરે માનીને સુખી-દુઃખી થવું.

કારણ દેહને પોતાનું સ્વરૂપ માનવું એટલે કારણ દેહના સ્વભાવને પોતાના માનવા. દા.ત. 'હું કામી, ક્રોધી, લોભી છું' એમ માનીને સુખી-દુઃખી થવું.

આ ત્રણેય દેહના ભાવોથી પર થઈને શુદ્ધ આત્મારૂપે રહેવાનો ઉપદેશ વચનામૃત શીખવે છે. ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- ''દેહને વિષે જે જીવ છે તે એમ જાણે છે જે, 'કામ-ક્રોધાદિક ભૂંડી પ્રકૃતિઓ છે તે મારા જીવ સાથે જડાણી છે.' એવી રીતે કામાદિક જે જે પ્રકૃતિ જેને વિષે મુખ્ય હોય તે પ્રકૃતિને યોગે કરીને પોતાના જીવને કામી, ક્રોધી, લોભી ઇત્યાદિક કુલક્ષણે યુક્ત માને છે. પણ જીવને વિષે તો એ એકે કુલક્ષણ છે નહીં. એ તો જીવે મૂર્ખાઈએ કરીને પોતાને વિષે માની લીધાં છે. માટે જેને પરમ પદ પામવા ઇચ્છવું તેને કાંઈક પોતાને વિષે પુરુષાતન રાખવું પણ છેક નાદાર થઈને બેસવું નહીં; અને એમ વિચાર કરવો જે, 'જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દસ ઇન્દ્રિયો છે, પંચ પ્રાણ છે, તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિષે છું, તે સર્વ થકી અધિક છું ને એ સર્વનો નિયંતા છું.' પણ એમ ન માનવું જે, 'હું તો તુચ્છ છું ને અંતઃકરણ,

ઇન્દ્રિયો તો બળવાન છે.' જેમ કોઈક રાજા હોય ને તે બુદ્ધિહીન હોય, પછી એના ઘરનાં મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહીં. પછી એ વાર્તાની જ્યારે ગામનાં મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઈ હુકમ માને નહીં. પછી દેશનાં મનુષ્ય એ વાત સાંભળે ત્યારે દેશનાં મનુષ્ય પણ કોઈ હુકમ માને નહીં. પછી તે રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને બેસી રહે અને કોઈ ઉપર હુકમ ચલાવે નહીં. તેમ રાજાને ઠેકાણે જીવ છે અને ઘરનાં મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે ને ગામનાં ને દેશનાં મનુષ્યને ઠેકાણે ઇન્દ્રિયો છે. તે જ્યારે એ જીવ નાદાર થઈને બેસે ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઇચ્છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહીં અને ઇન્દ્રિયોને વશ રાખવા ઇચ્છે તો ઇન્દ્રિયો પણ એને વશ રહે નહીં. પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તો પણ રાંકની પેઠે ઓશિયાળો થઈ રહે છે. અને જ્યારે રાજા નાદાર થાય ત્યારે તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહીં; તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે અને એ જીવનું લેશમાત્ર ચાલવા દેતા નથી. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહીં ને જે પ્રકારે પોતાનાં ઇન્દ્રિયો ને અંતઃકરણ તે સર્વે પોતાના હુકમમાં વર્તે એવો ઉપાય કરવો.'' (વચ. ગ.મ. ૧૨)

અંતર્દષ્ટિ કરવામાં અતિ સૂક્ષ્મ ખામી પણ ન રહી જાય તે માટે શ્રીહરિએ અહીં ટકોર કરેલી છે. જો મુમુક્ષુ પોતાના જીવાત્માને સ્વરૂપતઃ શુદ્ધ ન જાણે તો એક એવો ભાવ પ્રગટ થઈ જાય કે હું ક્યારેય આ સ્વભાવોમાંથી છૂટી નહીં શકું. પોતે રાજા હોવા છતાં પ્રજાનો ગુલામ બની જાય છે. જીવાત્મા કાયાનગરનો અધિપતિ અને ઇન્દ્રિયો-અંતઃકરણને પોતાની સેવામાં વર્તાવવા સમર્થ હોવા છતાં તેની આગળ રાંક બનીને રહે છે એ જ જીવની ભૂલ છે. પોતાના સ્વરૂપમાં દોષ નથી છતાં અજ્ઞાને કરીને માની લીધા છે તે ભૂલ છે.

સાધક પોતાને આત્મારૂપ માને તો જ તેને અંતર્દષ્ટિનું બળ આવે. આથી, સાચી અંતર્દષ્ટિ કરવા માટે પોતાના શુદ્ધ સ્વરૂપને જાણવું અને તે

પ્રમાણે વર્તવું એ અતિ આવશ્યક છે. જો કે શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે પોતાના સ્વરૂપને દેહથી ભિન્ન આત્મા સમજીને, તેને અક્ષરબ્રહ્મ સાથે એકતા કરવાથી જ આત્મનિષ્ઠાની સર્વોત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત થાય છે. આથી, અંતર્દષ્ટિમાં આત્મનિષ્ઠા ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

વચનામૃતમાં શ્રીહરિએ એક વિશિષ્ટ વાત એ પણ સમજાવી છે કે – મનુષ્યમાત્રને પૂર્વકર્મ અનુસાર સત્ત્વ, રજ અને તમ એમ ત્રણ ગુણના વેગ અંતરમાં ચાલ્યા કરતા રહે છે (વચ. સા. ૯). આથી, ક્યારેક સત્ત્વગુણના વેગથી દયા, નીતિ, સત્ય, અહિંસા વગેરે શુભ કર્મો કરવાની પ્રેરણા થાય છે; ક્યારેક રજોગુણના પ્રભાવથી કામવાસના, રસાસ્વાદ જેવા વિષયો તરફ ખેંચાણ વધી જાય છે; તો ક્યારેક તમોગુણની પ્રવૃત્તિથી ક્રોધ, આળસ, મોહ વગેરે દોષો પ્રત્યે વૃત્તિ જાય છે.

ભગવાનનો ભક્ત પોતાના હૃદયમાં અંતર્દષ્ટિ કરીને જ્યારે જુએ છે ત્યારે પોતાના અંતરમાં કયા ગુણનો વેગ વર્તે છે તે તેને ઓળખાય છે. સત્ત્વગુણમાં તો અંતર શુદ્ધ હોવાથી ભગવાનની મૂર્તિનું ધ્યાન સુખેથી કરી શકાય છે, પરંતુ રજોગુણ અને તમોગુણના પ્રભાવમાં અંતર ડહોળાઈ જાય છે. આથી ભગવાનની મૂર્તિ હૃદયમાં સ્થિરપણે ધારી શકાતી નથી. તેથી આવા સમયે શ્રીજીમહારાજે આત્મનિષ્ઠા તથા ભગવાનનો મહિમા સમજવા દ્વારા ગુણનો વેગ ઘટાડવાની વાત સમજાવી છે. જેમ કે,

■ "અંતઃકરણને વિષે ગુણનો પ્રવેશ થાય છે, તે જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ નિર્મળ વર્તે ને ભગવાનની મૂર્તિનું ભજન-સ્મરણ સુખે થાય, અને જ્યારે રજોગુણ વર્તે ત્યારે અંતઃકરણ ડોળાઈ જાય ને ઘાટ-સંકલ્પ ઘણા થાય ને ભજન-સ્મરણ સુખે થાય નહીં, અને જ્યારે તમોગુણ વર્તે ત્યારે તો અંતઃકરણ શૂન્ય વર્તે, માટે ભજનના કરનારાને ગુણ ઓળખવા. અને જે સમે સત્ત્વગુણ વર્તતો હોય તે સમે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, અને તમોગુણ જ્યારે વર્તે ત્યારે કશો ઘાટ થાય નહીં ને શૂન્ય સરખું વર્તે તેમાં પણ ભગવાનનું ધ્યાન ન કરવું, અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘાટ-સંકલ્પ ઘણા થાય માટે તે સમે ભગવાનનું ધ્યાન કરવું નહીં અને તે સમે તો એમ જાણવું જે, 'હું તો સંકલ્પ થકી જુદો છું ને

સંકલ્પનો જાણનારો છું ને તે મારે વિષે અંતર્યામીરૂપે પુરુષોત્તમ ભગવાન સદાકાળ વિરાજે છે.' અને જ્યારે રજોગુણનો વેગ મટી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અને રજોગુણ વર્તતો હોય ત્યારે સંકલ્પ ઘણા થાય, તે સંકલ્પને જોઈને મૂંઝાવું નહીં; કેમ જે, અંતઃકરણ તો જેવું નાનું છોકરું તથા વાનરું તથા કૂતરું તથા બાળકનો રમાડનાર તેવું છે. અને એ અંતઃકરણનો એવો સ્વભાવ છે તે વિના પ્રયોજન ચાળા કર્યા કરે. માટે જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટને જોઈને કચવાઈ જવું નહીં ને અંતઃકરણના ઘાટને માનવા પણ નહીં, ને પોતાને ને અંતઃકરણને જુદું માનવું અને પોતાના આત્માને જુદો માનીને ભગવાનનું ભજન કરવું.'' (વચ. ગ.પ્ર. ૩૨)

- ''જ્યાં સુધી ઈન્દ્રિયોની વૃત્તિને વિષય સન્મુખ પ્રીતિ હોય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન કરવું નહીં ને જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું... અને બાળ, યૌવન, વૃદ્ધ, સ્થૂળ, કૃશ, જીવવું, મરવું એ સર્વે દેહના ભાવ છે, તે આત્માને વિષે માનવા જ નહીં; અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, જ્ઞાનરૂપ, સુખરૂપ, સત્તારૂપ એ જે સર્વે આત્માના ભાવ છે, તે કોઈ કાળે દેહને વિષે સમજવા જ નહીં, એ ગુણ તો આત્માને વિષે સમજવા. એવો જે વિચાર તે જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી મૂકવો નહીં. જેમ રાજા હોય તે જ્યાં સુધી શત્રુનું બળ હોય ત્યાં સુધી રાજગાદીએ બેસીને સુખ ભોગવે નહીં અને જ્યારે શત્રુમાત્રનો નાશ થઈ જાય ત્યારે પોતાના રાજ્યના જે વૈભવ છે તેને ભોગવે છે; તેમ જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યાં સુધી મન ને ઈન્દ્રિયોરૂપી શત્રુ પીડતા હોય ત્યાં સુધી પૂર્વે કહ્યો એવો જે વિચાર તે દૃઢપણે રાખવો અને જ્યારે મન-ઈન્દ્રિયોના ઘાટ સર્વે શમી જાય ત્યારે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવું.'' (વચ. સા. ૧૨)
- ''જેને રજોગુણ ને તમોગુણ વર્તતા હોય ને તે જો એકાગ્ર થઈને ભગવાનનું ધ્યાન કરવા જાય તો થાય નહીં. માટે એવાને તો આત્મનિષ્ઠાનું બળ રાખવું અને ભગવાનના મહિમાનું બળ રાખવું

ને એમ સમજવું જે, 'હું તો આત્મા છું, તે મારે વિષે માયાકૃત ઉપાધિ હોય નહીં ને હું તો ગુણાતીત છું.' અને ભગવાનનો મહિમા એમ વિચારવો જે, 'અજામેળ મહાપાપી હતો ને દીકરાને યોગે નારાયણ એવું નામ લીધું, તે સર્વ પાપથી છૂટીને પરમ પદને પામ્યો; તો મને તો તે ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે અને રાત-દિવસ તે ભગવાનનું હું નામ લઉં છું, માટે હું તો કૃતાર્થ થયો છું.' એવી રીતે વિચારીને આનંદમાં રહેવું, પણ જેને તમોગુણ ને રજોગુણ વર્તતા હોય તેને ધ્યાન-ધારણાને અર્થે આગ્રહ કરવો નહીં અને જેવું બની આવે તેવું ભજન-સ્મરણ કરવું ને દેહે કરીને ભગવાનની તથા સંતની પરિચર્યા શ્રદ્ધાએ સહિત કરવી ને પોતપોતાના ધર્મમાં રહેવું ને પોતાને પૂરણકામ માનવું.'' (વચ. સા. ૯)

આમ, ગુણના વેગને અંતર્દૃષ્ટિથી તપાસીને તે અનુસાર ધ્યાન, આત્મનિષ્ઠા, ભગવાનના મહિમાનો વિચાર જેવી સાધના કરીને આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવાની વિશિષ્ટ કૂંચી વચનામૃતે આપી છે.

નામું માંડવું

વચનામૃતમાં વણિકના નામાના વ્યાવહારિક દૃષ્ટાંતના આધારે અંતર્દૃષ્ટિનો એક સુંદર અધ્યાત્મ ઉપદેશ આપવામાં આવ્યો છે.

- "જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, 'પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી,' એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી. અને એમ વિચારે નહીં ને બધી ભેગી કરે તો તે વાસના એની ટળે નહીં. જેમ વણિકને ઘેર નામું કર્યું હોય તે જો મહિના મહિનાનું નિરંતર ચુકાવી દઈએ તો દેતાં કઠણ ન પડે ને વર્ષ-દહાડાનું ભેગું કરીએ તો આપવું બહુ કઠણ પડે; તેમ નિરંતર વિચાર કરવો." (વચ. ગ.પ્ર. ૩૮)
- "જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે; પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહીં તેની

પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે.''
(વચ. સા. ૧૮)

માર્ગ ઉપર ચાલનાર મુસાફર સતત માઈલ સ્ટોન તરફ દૃષ્ટિ રાખતો જાય છે; સમજુ વેપારી પોતાના ધંધાના નફા-નુકસાન તરફ દૃષ્ટિ રાખે છે; બાહોશ નેતા પોતાના દેશની ગતિ-પ્રગતિ તરફ સતત નજર રાખતો રહે છે; તેમ સાચો મુમુક્ષુ પોતાના અંતરમાં તપાસ કરીને પોતાની કેટલી ઊર્ધ્વગતિ થઈ છે તે તરફ સમયે સમયે અનુસંધાન રાખતો જાય છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬માં શ્રીહરિ કહે છે: 'અંતર્દૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જો તપાસીને પોતાના હૃદય સામું જુએ તો જ્યારે લગારે માન આવતું હશે ત્યારે હૃદયમાં રહી જે ભગવાનની મૂર્તિ તેની નજર કરડી જણાતી હશે.'

આમ, હૃદયમાં સતત તપાસવું એટલે નામાનું જાણપણું - અંતર્દૃષ્ટિ.

શ્રીજીમહારાજનાં વચનો જોતાં એક વાત નોંધનીય જણાય છે કે જાણપણારૂપ અંતર્દૃષ્ટિ પળે-પળે સતત કરવાની છે તથા નામું તપાસવાની અંતર્દૃષ્ટિ અમુક સમયાંતરે કરવાની વાત થઈ છે; કારણ કે આ માર્ગમાં સતત પ્રગતિનો અનુભવ ન પણ થઈ શકે. ક્યારેક અંતરમાં સત્ત્વગુણનો પ્રભાવ હોય ત્યારે ખૂબ સારા વિચારો સહેજે આવી જાય. વળી, અમુક સમય બાદ રજોગુણ કે તમોગુણની વૃદ્ધિ થાય ત્યારે અઘટિત સંકલ્પોનું જોર પણ વધી જાય. આથી આવા સમયે પુરુષાર્થ કરવા છતાં કાંઈ પરિણામ ન જણાય ત્યારે સાધકના હૃદયમાં નિરાશા આવવાની સંભાવના રહે છે.

આથી જ શ્રીજીમહારાજ અમુક સમયના અંતરે રહીને સમગ્રપણે પોતાના હૃદયનો તપાસ કરીને પ્રગતિનો નિર્ણય કરવાનું સમજાવ્યું છે. જો સાધનાનું ફળ તાત્કાલિક ભગવાન પાસે ઉઘરાવવા જઈએ તો ઉપરોક્ત પરિસ્થિતિમાં વિપરીત અનુભવ પણ થઈ શકે છે. આથી લાંબા સમય સુધી ધીરજપૂર્વક, શુદ્ધભાવે, સત્પુરુષના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખીને સાધના કરવાથી, સાધકને અમુક સમય પછી અવશ્ય મીઠાં ફળ ચાખવાનો લાભ મળે છે.

ઉપદેશનું નિશાન પોતે

એક વાર ભગવાન સ્વામિનારાયણ સંતો-ભક્તોના સંઘ સાથે મેવાસા પધાર્યા. તેઓ અહીંની ચાપરવાડી નદીના કિનારે ઊતર્યા અને સ્નાનાદિક નિત્યવિધિથી પરવાર્યા. આ સમયે બ્રહ્માનંદ સ્વામી સંતમંડળ લઈને ત્યાં પધાર્યા. તેઓ શ્રીજીમહારાજનાં દર્શન કરી મુક્તાનંદ સ્વામીની સાથે બેસીને કાંઈક અધ્યયન કરવા લાગ્યા. તે સમયમાં શ્રીજીમહારાજ આ બંને મોવડી પરમહંસો પાસે આવીને બેઠા.

પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો: 'દેશમાં સત્સંગ કેવા થયા ?'

ત્યારે બ્રહ્માનંદ સ્વામી સત્સંગીઓની સંખ્યામાં જે પ્રકારનો વધારો થયો હતો તે સંદર્ભમાં બોલ્યા કે 'હે મહારાજ ! સત્સંગ તો બહુ થયો છે.'

'તમે સત્સંગી કેવા થયા છો ?' શ્રીજીમહારાજે તરત જ બીજો પ્રશ્ન કર્યો.

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું: 'અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ.'

આ સાંભળી શ્રીજીમહારાજે કહ્યું: 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો ને ખરેખરા સત્સંગી થયા હો તો કહો કે અમે ક્યાં હતા, ને ક્યાંથી આવીએ છીએ?'

શ્રીજીમહારાજનાં આ વચનોનો મર્મ બ્રહ્માનંદ સ્વામી સમજી ગયા અને કહ્યું: 'ના મહારાજ ! એવા સત્સંગી તો અમે નથી થયા.'

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું: 'અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.'

એટલે મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું: 'હે મહારાજ! એવા સત્સંગી કેમ થવાય?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા: 'એવા સત્સંગી તો, તો થવાય, જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો, તો એવા સત્સંગી થાઓ.'

હૃદયને હચમચાવી નાખે, ધરખમ અંતર્દષ્ટિ કરાવે તેવાં વચનો શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યાં. જેઓ શ્રીજીમહારાજ માટે દોમ-દોમ સાહ્યબી ઠુકરાવીને પરમહંસ બની ગયા, શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે અતિ કઠિન પ્રકરણોમાંથી પસાર થયા, જેઓના સંગે હજારો મુમુક્ષુઓ સત્સંગના માર્ગે વળ્યા, તે બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજ કહે છે: 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો!!'

બ્રહ્માનંદ સ્વામી જેવા મહાન સંતની આ વાત હોય તો આપણા જેવાની તો શી વાત કરવી!

અહીં શ્રીજીમહારાજ સમજાવે છે કે હજારોને સત્સંગ કરાવી દેવા માત્રથી આપણા સ્વભાવો નિર્મૂળ નહીં બને. બીજાને સત્સંગ કરાવવાનો ઉમંગ છે એ તો ધન્યવાદને પાત્ર છે, પરંતુ તેવો જ ઉમંગ પોતાના જીવને સત્સંગી કરવાનો હોય તો જ પરિવર્તન થાય અને તો જ સાચા અર્થમાં બીજાને પણ રંગ લાગે.

જો કે બીજાને સત્સંગ કરાવવાનો હેતુ તો પોતાને સત્સંગ વધુ દૃઢ થાય, ભગવાન પ્રસન્ન થાય એ જ છે; પરંતુ સ્પષ્ટતા વિના બાજી બગડી જાય છે. પછી એવી વ્યક્તિને ભગવાનનું સુખ આવવાને બદલે, સત્સંગ કરાવી શકવાની પોતાની 'સામર્થી'નું - અભિમાનનું સુખ આવતું રહે; તેનાથી આવા ભ્રામક સુખમાં જ રાચતું રહેવાય અને ભગવાનને પણ પડ્યા મૂકીને પોતે જ પ્રધાન થઈ જાય. આવા 'ભક્ત'નો નિશ્ચય કેવળ વાતોમાં જ સમાઈ જાય. જોરશોરથી નિષ્ઠાની વાતો કરનારને અંતરમાં લેશ પણ ભગવાનનો નિશ્ચય ન હોય, એમ પણ બને.

આવી વ્યક્તિને જો સત્સંગમાં કોઈ અપમાનનો પ્રસંગ બને તો તે સહન ન કરી શકે. 'મેં સત્સંગમાં આવું મહાન કાર્ય કર્યું, સત્સંગ ઉપર ઉપકાર કર્યો છતાં અહીં મારી કોઈ જ કિંમત ન રહી?! એવા એવા વિચારોમાં કદાચ

તેનો સત્સંગ પણ છૂટી જાય.

એટલે જ પ્રમુખસ્વામી મહારાજ કહે છે: 'સત્સંગનો ખૂબ વિકાસ થયો પણ અહીં અંતરમાં કેટલો વિકાસ થયો એ જોવાનું છે. આપણે જે માટે આવ્યા છીએ એના માટે કરીએ છીએ કે નહીં, તે વિચારવાનું છે.'

વળી, ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું: 'જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય; અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહીં.' (સ્વા.વા.: ૨/૬૧)

અહીં સ્વામી 'આગ્રહ' શબ્દ વાપરે છે. ઘણી વાર આપણને બીજા સુધરી જાય એવો આગ્રહ રહી જાય; ક્યારેક બીજાને સત્સંગ કરાવવાની ધાંખનામાં નિયમ-ધર્મ પણ નેવે મુકાઈ જાય; ક્યારેક કુસંગીને સત્સંગી બનાવવાની લાયમાં સત્સંગી પણ કુસંગી બની જાય; ક્યારેક નિર્માનીપણાનો ઉપદેશ પણ માનના મંચ ઉપર ઊભા રહીને અપાય; ત્યારે આપણને વચનામૃતના શબ્દો ઢંઢોળીને જગાડે છે, સાચી દિશામાં આગળ વધારે છે.

પોતાનાં જ ઇન્દ્રિયો-અંતઃકરણને ઉપદેશ આપવાનું શીખવતાં શ્રીજી-મહારાજ કહે છે:

- ''નેત્રની ને શ્રોત્રની વૃત્તિ જ્યારે મૂર્તિનાં દર્શન કરતા હોઈએ ને મૂર્તિને મેલીને અન્યમાં તણાય તો તેને એમ ઉપદેશ દેવો જે, 'હે મૂર્ખ! તું ભગવાનની મૂર્તિ વિના અન્ય રૂપને જુએ છે કે પરમેશ્વરની વાર્તા વિના અન્ય વાર્તાને સાંભળે છે તેમાં તને શું પ્રાપ્ત થશે? અને હજી તને સિદ્ધદશા તો આવી નથી જે, જેવું ચિંતવ્યું તેવું તને તત્કાળ મળે; શા સારુ જે, હજી તો તું સાધક છું. માટે જે વિષયને તું ચિંતવીશ તે વિષય મળશે નહીં અને ઠાલાં વલખાં કરીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે? અને કાંઈક જો તને અલ્પ વિષય મળશે તો તેના પાપમાં યમપુરીનો માર ખાતાં ખાતાં અંત નહીં આવે.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દેવો. અને વળી એમ કહેવું જે, 'જ્યારે તું ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થઈશ તો તેમાંથી તું સિદ્ધદશાને પામીશ. પછી તું જે જે બ્રહ્માંડમાં વાર્તા થાય છે તેને સહજે સાંભળીશ; અને બ્રહ્મા, વિષ્ણુ

અને શિવના જેવા રૂપને ઇચ્છીશ તો તેવા રૂપને પામીશ; અને લક્ષ્મી કે રાધિકા જેવો ભક્ત થવા ઇચ્છીશ તો તેવો થઈશ. અને ભગવાનનું ભજન કરતાં કરતાં સિદ્ધદશાને દેહ છતે નહીં પામ્ય, તો દેહ પડ્યા પછી મુક્ત થઈશ ત્યારે સિદ્ધદશા મળશે. પણ સિદ્ધદશા આવ્યા વિના રૂપને જોઈ જોઈને મરી જઈશ તો પણ તે રૂપ મળશે નહીં અને ગ્રામ્ય શબ્દને પણ સાંભળી સાંભળીને મરી જઈશ તો તેણે કરીને બુદ્ધિ તો અતિશય ભ્રષ્ટ થઈ જશે, પણ તેમાંથી કાંઈ પ્રાપ્તિ નહીં થાય.' એવી રીતે નેત્રને અને શ્રોત્રને ઉપદેશ દઈને એક ભગવાનની મૂર્તિમાં જ રાખવાં.'' (વચ. સા. ૨)

- ''ઇન્દ્રિયો-અંતઃકરણ કાંઈક ચાળા કરે તો એને કહેવું જે, 'કેમ તારે તે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ જોવું છે? ને કેવળ ભગવાનનો શબ્દ સાંભળવો છે તથા ગંધ લેવો છે કે બીજાનો પણ શબ્દ સાંભળવો છે ને ગંધ લેવો છે? અને જો ભગવાન વિના બીજા વિષયમાં તું જઈશ તો તારે મારે શું છે ભાઈ? તું કોણ ને હું કોણ? તારે મારે લેવું-દેવું નથી. તમે કરશો તે તમે ભોગવશો.'' (વચ. પં. ૩)

સ્વયં પરબ્રહ્મ હોવા છતાં શ્રીજીમહારાજે આપણને ઉપદેશ દેવા માટે પોતાનો એક પ્રસંગ ઉપસ્થિત કરીને આ જ બાબતને દઢાવતાં કહ્યું છે:

- ''અમે મનને કહ્યું જે, તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજા પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભુક્કા કરી નાંખીશ. તેમ જ બુદ્ધિને કહ્યું જે, ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે. તેમ જ ચિત્તને કહ્યું જે, ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભુક્કા કરી નાંખીશ. તેમ જ અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાંખીશ.'' (વચ. ગ.મ. ૨૨)

આવો કડકપણે સંવાદ બીજા વ્યક્તિને સમજાવવા માટે નહીં, પરંતુ પોતાનાં જ ઇન્દ્રિયો-અંતઃકરણને સમજાવવા માટે, તેને જ સુધારવા માટે યોજવા શ્રીજીમહારાજ આપણને જણાવે છે.

જૂનાગઢના કરમશી ભગત રોજ સવારે ઊઠીને મન સાથે બાટકતા: 'હે

મન! હે બલાડ! હે મૂરખ! તેં અનંત જન્મોથી તારું જ ધાર્યું કર્યું છે. હવે હું આ જન્મે તારું માનવાનો નથી....' એમ મનની ઝાટકણી કાઢતા.

નિષ્કુળાનંદ સ્વામી પણ પોતાના મનને ઉપદેશ આપતાં કહે છે:

'સુંદર સારી શિખામણ મારી, માની લે મનવા મારા રે;
ધારી વિચારી મેં વાત ઉચ્ચારી, તે જોઈ સ્વભાવ તારા રે.
પરને કે'વા પ્રવીણ છો પૂરો, પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છો શૂરો, નિજ દોષને ન દેખે રે.
કાંયે ન સમજે કારજ તારું, કહું છું કાંયે નહિ થાય રે;
શીદને ઉતારે છે પરબારું, કાં રે ન મનાય કાંય રે.
અવળી સમજણ અળગી કરી, સવળું સમજે તો સારું રે;
નિષ્કુળાનંદ કહે વિચારી, એટલું માની લે મારું રે.
મન તુને સમજાવવા સારુ, કહ્યું મેં વારમવાર રે;
તેં તો ગમતું ન તજિયું તારું, ગઈ શિખામણ ગમાર રે.
જે જે વાત કરી તુજ સાથે, તે તો તેં રતી ન રાખી રે;
ખોટ આવવા દીધી નહિ માથે, લઈ બીજા પર નાંખી રે.
કહો ખોટ ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે;
એથી ભૂલ બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે રે.'[૧૫]

ઉપરોક્ત વચનોમાં નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના મનની કાનપટ્ટી પકડીને તેની સારી એવી ઝાટકણી કાઢી છે. ખરેખર, આપણા મનનો સ્વભાવ જ એવો છે. તે મોટા ભાગે બીજાની જ તપાસ રાખે છે. બીજા માટે જાગ્રત કે સાવધ રહે છે. 'બીજો કેમ આમ કરે છે અને શા માટે એમ કરતો નથી?' આ આપણા અંતરમાં સતત પુછાતા પ્રશ્ન છે. એને બદલે, 'હું કેમ આમ કરું છું? શા માટે તેમ નથી કરતો?' આવા પ્રશ્નો પોતાની જાતને પુછાય તો કોઈ જાતની ખામી ન રહે.

વચનામૃત આપણને સમજાવે છે કે જીવનમાં ખરેખર આત્મવિકાસ કરવો હોય તો બીજાનું જોવાની અને એને સુધારવાની ધાંખના છોડીને, પોતાને જોવાની, પોતાનું અંતરને તપાસવાની અને તેને સુધારવાની ટેવ પાડવી જોઈએ. બીજાનું જોવામાં અને એને સુધારવામાં આપણો સોના જેવો

---

૧૫. ચોસઠપદી : ૪૯/૧-૪, ૫૦/૧-૩

સમય અને શક્તિ બેય બગડશે. માટે એનું એ જોશે, આપણે આપણું જોઈએ. એનું એ સુધારશે, આપણે આપણું સુધારીએ.

પ્રમુખસ્વામી મહારાજ આ વિષે સમજાવે છે:

“મુમુક્ષુ છે તે પોતાનું જ જુએ. બીજાની ભૂલો ન જુએ. મુમુક્ષુને પોતાના મોક્ષનો વિચાર રહે. હંમેશાં પાછી વૃત્તિ રહ્યા કરે કે ‘હું શું કરવા આવ્યો છું? ને શું થાય છે?’ કોઈની સામું જોવું નહીં. પોતા તરફ આંગળી કરો તો ખ્યાલ આવે કે આપણે સંપૂર્ણ નથી. આપણામાં ખામી રહી ન જાય તે જોવું. મુમુક્ષુ પ્રયત્નશીલ રહીને, પાછી વૃત્તિ રાખીને, જેમ પોતાનું કલ્યાણ થાય તેમ કામ કરે.

આપણે આપણી સામે જ જોવાનું છે. આપણે આપણું જ કરવા આવ્યા છીએ. આપણે આપણા ગુરુ થવાનું છે. નિરંતર આપણી સામે જ જોવાની વાત છે: આપણામાં શું ખામી છે? પહેલાં તો આપણે આપણા અંતરમાં જુઓ કે આપણે કેટલા ગોટાળા છે? તેને ટાળો. પહેલું આપણે નિરંતર આપણા સામી દૃષ્ટિ રાખવી જોઈએ. બીજા કોઈને ખરાબ કહેતાં પહેલાં, બીજા કોઈ માટે ખરાબ વિચાર કરતાં પહેલાં, આપણે આપણા અંતર સામું જોવું કે મારું શું છે? બધી જ ક્રિયામાં અંતર્દૃષ્ટિ કાયમ થાય તો પછી આ પ્રશ્ન ઊભો ન થાય.

પોતે પોતાના ગુરુ થાય તો જ પોતાની ભૂલ ઓળખાય, સમજાય અને દૂર થાય.”

ઘણી વાર આપણે આપણાં સગાં-સંબંધીઓને, મિત્રોને કે ધંધાદારી વ્યક્તિઓને મુલાકાત આપતા હોઈએ છીએ, પરંતુ આપણે આપણી જાતને મુલાકાત આપતા નથી. આપણે બીજાને મળવા જવાનો સમય ફાળવીએ છીએ, પરંતુ આપણી જાતને મળવાનો કે પોતાની જાતની મુલાકાત લેવાનો સમય ફાળવતા નથી. બીજાને મુલાકાત આપવાથી કે તેની મુલાકાત લેવાથી કંઈ ફાયદો થતો હશે એની ના નહીં; પરંતુ પોતાની જાતને મુલાકાત આપવામાં કે પોતાની જ મુલાકાત લેવામાં સૌથી વધારે લાભ છે. દરરોજ થોડોક સમય ફાળવીને પોતાની જાત સાથે બેસવું જ જોઈએ. પોતાની જાત સાથે પ્રશ્નોત્તરી કરીને પોતાનું તળ તપાસવું જોઈએ. બીજાને મળવા માટે એટલો બધો સમય ન વપરાઈ જાય કે જેથી પોતાને મળવાનો અને સુધારવાનો

અવકાશ જ ન મળે.

આ જ બાબતને વધુ પુષ્ટ કરનારો એક અંતર્દષ્ટિપૂર્ણ વિચાર વચનામૃત શીખવે છે. જુઓ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૪મું:

■ મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ''ભગવાનના ભક્તનો પક્ષ તો હૈયામાં રહે છે ખરો. તે પણ સમજીને રહે છે જે, જો સત્સંગનું ઉત્કૃષ્ટપણું હોય તો ઘણા જીવોને સમાસ થાય ને જ્યારે કાંઈ સત્સંગનું અપમાન જેવું હોય ત્યારે કોઈ જીવને સમાસ થાય નહીં; એટલા માટે હર્ષ-શોક જેવું થઈ આવે છે.''

અહીં મુક્તાનંદ સ્વામીના હૃદયમાં સત્સંગનું મમત્વ અને સત્સંગીઓ પ્રત્યેની મમતા જણાય છે. 'ભગવાનના ભક્તનું દુઃખ જોઈને અંતરમાં દુઃખનો અનુભવ થવો જોઈએ' એવો અભિપ્રાય સ્વયં શ્રીહરિએ પ્રગટ કર્યો છે.

શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૦માં કહે છે: ''જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈક પ્રકારના દુઃખનો વિક્ષેપ થયો હોય એ તો સારી પેઠે અંતરમાં જણાય છે, પણ ન જણાય એમ નથી. અને એ તો રઘુનાથદાસ સરખો વિમુખ હોય તેને તો ન જણાય; તે જ્યારે રામાનંદ સ્વામીએ દેહ મૂક્યો ને સર્વે સત્સંગી રોવા લાગ્યા ત્યારે પણ રઘુનાથદાસને તો જરાય શોક થયો નહીં; અને હસતો જાય ને બીજાને આગળ વાત કરતો જાય. માટે ભગવાનના ભક્તને દુઃખ આવી પડે ત્યારે તો જે ચાંડાળ ને વિમુખ હોય તેને દુઃખ ન થાય, પણ જે ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુખિયો થાય.''

મુક્તાનંદ સ્વામી બીજા ભક્તના દુઃખે દુઃખી થનારા દયાળુ સંત છે. તેઓને થતું દુઃખ યોગ્ય દિશામાં તો છે જ, તેમ છતાં પણ આ દુઃખનો વેગ એવો તીવ્રતાથી ન છવાઈ જાય કે જેથી ભક્તના અંતરમાં કેવળ તમોગુણ વ્યાપી જાય અને ભગવાનનું કર્તાપણું પણ ભૂલી જવાય. એવા પવિત્ર આશયથી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને સમાધાન આપતાં જણાવ્યું:

■ ''ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ ભગવાનનાં ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહીં. અને એ ભગવાનની ઇચ્છાએ કરીને જેવી રીતે સત્સંગની વૃદ્ધિ

> થતી જાય તેવી રીતે રાજી રહેવું; પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં; એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં.'' (વચ. ગ.પ્ર. ૭૪)

અહીં શ્રીજીમહારાજ એક સિદ્ધાંત સમજાવે છે કે સત્સંગનો વિકાસ થાય એ તો ખૂબ આનંદનો વિષય છે, પરંતુ એથીય વધુ આનંદનો વિષય એ છે કે આપણો જીવ સત્સંગી થાય. બીજાને સત્સંગ કરાવવાના વેગમાં આપણો સત્સંગ ન ટળી જાય, આપણે સત્સંગમાં પાછા ન પડી જઈએ, આપણે મૂંઝાઈને ક્યાંક અવળી જગ્યાએ ફંટાઈ ન જઈએ, આપણી પ્રગતિ અટકી ન જાય, તેની પૂર્ણ તકેદારી વચનામૃતે રાખી છે. આથી જો વચનામૃત કથિત માર્ગે ચાલવામાં આવે તો જ સાચી અંતર્દષ્ટિ થઈ ગણાય.

અંતર્દષ્ટિ કરવાની આજ્ઞા

વચનામૃતમાં પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં વચનોના આધારે સમજાય છે કે અંતર્દષ્ટિ કરવાથી, જાણપણું રાખવાથી પોતાની બાહ્ય ક્રિયાનું તેમજ આંતરિક ભાવના અને સ્થિતિનું સાચું નિદાન થાય છે અને તેને લીધે આપણામાં જે કાંઈ કસર છે તેનો ખ્યાલ આવતાં, તે દૂર કરવાનો યોગ્ય પુરુષાર્થ કરી શકાય છે. આ રીતે આધ્યાત્મિક સાધનામાં યથાર્થ પ્રગતિ અને ફલશ્રુતિ માટે, અંતર્દષ્ટિ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી જ શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓ સૌને અંતર્દષ્ટિ કરવાનો આદેશ આપે છે. શ્રીહરિ કહે છે :

- "જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહીં... માટે સર્વે હરિભક્ત તથા સર્વે મુનિમંડળ સાવધાન રહેજ્યો." (વચ. ગ.મ. ૪૫)
- "તમારે સર્વેને પણ એવી રીતે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને નિરંતર ભગવાનની સેવામાં રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ વહાલા થવા દેવા નહીં, એ વાતની અતિશય સાવધાની રાખવી. અને જેમ રાજાનો ચાકર છે તે રાજા પાસે ગાફલ થઈને ઊભો હોય તો રાજા પાસે ચોર-ચકાર જઈ પૂગે, ત્યારે એ ચાકરની ચાકરી ખોટી થાય, તેમ હરિભક્તને પણ ભગવાન વિના બીજા પદાર્થમાં પ્રીતિ થઈ જાય તો જે ઠેકાણે પોતાના હૃદયને વિષે જાણપણામાં ભગવાન રહ્યા છે તે ઠેકાણે ધન-સ્ત્રી આદિક બીજા પદાર્થ પણ

પેસી જાય, ત્યારે એની ભક્તિ ખોટી થઈ જાય. માટે પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખીને જે પરમેશ્વરનાં ચરણારવિંદને પામવાને ઇચ્છે તેને જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો તેને વિષે સાવધાન થઈને રહેવું અને ભગવાન વિના બીજા પદાર્થ ત્યાં પેસવા દેવા નહીં.'' (વચ. ગ.અં. ૯)

વળી, શ્રીહરિએ અનેક વચનામૃતોમાં દરેક ભક્તને પોતાનો અવગુણ જોઈને, તેનો વિચાર કરીને ટાળવાની વાત કરી છે. તેમજ અનેક વચનામૃતોમાં જગતના નાશવંતપણાનો, આત્માનો અને ભગવાનના મહિમાનો વિચાર કરીને પંચવિષય કે સ્વભાવો ટાળવાની જે સાધના બતાવી છે તેમાં આ અંતર્દષ્ટિ અને જાણપણાનો જ નિર્દેશ છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે:

'ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો દરવાજે રહીને જોયા કરે છે.' (સ્વા.વા.: ૧/૨૦૫)

'મોટા મોટાના શબ્દની હાર્યું (વિષયવાર શ્રેણી-યાદી) કરીને તપાસ કરવો જે, એમનો શું મત છે ને એ શું કરવાનું કહે છે, એ કેમ વર્તે છે, એમ તપાસીને પછી તે માર્ગે ચાલવું.' (સ્વા.વા.: ૨/૭)

'નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળી વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું? એમ જોયા કરવું.' (સ્વા.વા.: ૨/૩૫)

'ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું.' (સ્વા.વા.: ૫/૧)

અંતર્દષ્ટિની પ્રેરણા આપતાં પ્રમુખસ્વામી મહારાજ કહે છે :

''અંતર્દષ્ટિ કાયમ કરતાં જ રહેવું જોઈએ. 'હું કોણ છું? હું કોનો ભક્ત છું? હું શા માટે સત્સંગમાં આવ્યો છું? શું થાય છે? કેવી રીતે થાય છે?' એનો વિચાર કાયમ કરતા રહેવું જોઈએ.

સત્સંગ કરીને આપણે આપણું જોવાનું છે, બીજાનું નહીં. અંતર્દષ્ટિ આપણે કરવાની છે. સત્સંગમાં આવ્યા પછી જો જગતમાંથી પાછી વૃત્તિ વળે તો ભગવાનનું સુખ આવે, નહીં તો વૃત્તિઓ ફેલાતી જાય. ભગવાન આપણામાં બેઠા છે તો એ ભગવાનનું સુખ દરરોજ આવે એમ વિચાર કરવો, તો અંતરમાં સુખ-શાંતિ રહે. સાંજ-સવાર પા-અડધો કલાક, કલાક બેસીને આ જ વિચાર


કરવો. મહારાજનાં આ સિદ્ધાંત-વચનો, આજ્ઞા છે, તેની સામું વૃત્તિ રાખીને જીવન જીવીએ.

આપણે એ અનુસંધાન રાખવું કે – ‘આજે ભગવાનની આજ્ઞા કેમ ન પાળી?’ ‘આજે પૂજા-માળા કેમ ન થઈ?’ ‘આજે દર્શન કેમ ન થયાં?’ ‘આજે મારાથી કોઈની સેવા કેમ ન થઈ?’ ‘આજે મારાથી ભક્તિ કેમ ન થઈ?’ ‘આજે મારાથી વચનામૃત-વાતો કેમ ન વંચાયાં?’ આવી રીતે આપણે જાણપણું રાખવું.

આપણે સવારથી સાંજ સુધીનું બૅંક-બૅલેન્સ મેળવવાનું છે. ‘મારા સ્વભાવ વધ્યા છે કે ઘટ્યા છે?’ ‘મારી આ સેવા બરોબર થઈ?’ ‘મેં આ વિચાર કર્યો, તે સાચો છે કે ખોટો છે?’ ‘આજે મારી કઈ ભૂલ થઈ?’ જે કાંઈ ભૂલ થઈ હોય, ખામી હોય તો અંતર્દષ્ટિ અને ભગવાનને પ્રાર્થના કરીને એનું નિરાકરણ થઈ જવું જોઈએ. નહીંતર ભૂલોનું બૅલેન્સ વધતું જ જાય. માટે જમા-ઉધાર પાસાંનો વિચાર કરીને દરરોજનો હિસાબ ચોખ્ખો કરી નાંખવો.”

આ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓનાં વચનોમાં નિયમિત અંતર્દષ્ટિ, પ્રતિલોમ, જાણપણું અને ખટકો રાખવાનો આગ્રહ સ્પષ્ટપણે દેખાય છે. તેઓના આ આગ્રહને જાણીને વચનામૃત કથિત અંતર્દષ્ટિને સાધના બનાવીએ અને શ્રીહરિ તથા ગુરુહરિની પ્રસન્નતાના ભાજન બનીએ.


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ
(૧૯૨૧-૨૦૧૬)



બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ
(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019 200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

સ્વામિનારાયણ
BAPS

Vachanamrutma Antardrashti USD 0.75
1 5 8 5 8
B G 3 5 9
ISBN 978-81-7526-941-5